પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૫/૦૫/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ચૈત્ર વદ-૧૨ વર્ષ : ૧૫ અંક : ૧૨૨

**સુવિચાર**

જે માણસ કોઈ બાબતમાં હોંશિયાર ન હોય તે બ્હાનાં કાઢવામાં હોંશિયાર હોય છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

## અધિકારીઓ, કર્મચારીઓએ મતદાન જાગૃત્તિનો સંદેશ પ્રસરાવ્યો

# અમરેલીમાં મતદાન જાગૃત્તિ અર્થે "રન ફોર વોટ" યોજાઈ

**મતદાન જાગૃત્તિનાં સંદેશ સાથે નાગરિકોને ઉત્સાહભેર મતદાન કરવા અનુરોધ**

**જિલ્લાનાં નાગરિકોને વધુમાં વધુ સંખ્યામાં મતદાન કરવાનો અનુરોધ કરતા કલેક્ટર**

**ફોરવર્ડ હાઈસ્કૂલથી લીલીઝંડી બતાવી રેલીનું પ્રસ્થાન કરવામાં આવ્યું**

**કલેક્ટર અજય દહિયા, ડીડીઓ પરિમલ પંડ્યા, અધિક કલેક્ટર ગોહિલ સહિતનાં અધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિ**



અમરેલી, તા. ૪

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે અમરેલી જિલ્લામાં વધુ મતદાન થાય તે હેતુથી TIP હેઠળ વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ કાર્યરત છે. ચૂંટણી પંચ તરફથી નક્કી કરવામાં આવેલા કાર્યક્રમ મુજબ લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે અમરેલી જિલ્લામાં લોકોમાં મતદાન જાગૃત્તિના હેતુથી અમરેલીમાં જિલ્લા કક્ષા તથા તાલુકા મથકોએ, તાલુકા કક્ષા 'રન ફોર વોટ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે ઉપસ્થિત સૌએ અવશ્ય મતદાન કરવાના શપથ લીધા હતા. કાર્યક્રમના પ્રારંભે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર અજય દહિયાએ જણાવ્યુ કે, આગામી તા. ૭ મે, ૨૦૨૪ને મંગળવારના રોજ અમરેલી જિલ્લાના મતદારો વધુમાં વધુ સંખ્યામાં મતદાન માટે આગળ આવે તેવા હેતુથી મતદાન જાગૃત્તિ પ્રસરાવવા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી લોકસભામાં મતદાન જાગૃત્તિ અંતર્ગત SWEEP અને TIP હેઠળ અનેક નાગરિકો સુધી મતદાન જાગૃત્તિનો સંદેશો પ્રસરાવવામાં આવ્યો છે.

અમરેલી સ્થિત ફોરવર્ડ હાઈસ્કુલના મેદાનથી જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર અજય

અનુસંધાન પાના ૬ ઉપર

## SBI YONO એપ્લિકેશન મારફત જવાનની જાણ બહાર

# રાજુલા ખાતે ચૂંટણી ફરજમાં આવેલ પશ્ચિમ બંગાળનાં CISF જવાન સાથે ઠગાઈ

**જવાનનાં ખાતામાંથી ૯.૯૩ લાખની ઉઠાંતરી થતાં ફરિયાદ**

અમરેલી, તા. ૪

પશ્ચિમ બંગાળના વતની અને CISF ચેન્નઈ, તમિલનાડુ ખાતે ફરજ બજાવતા અને હાલ રાજુલા પોલીસ સ્ટેશન ખાતે ચૂંટણી ફરજમાં આવેલ પચિત્ર રામ નામનાં ૫૧ વર્ષિય કર્મીને ગત તા. ૩ ના રોજ મો.નં. ૬૩૭૨૭૦૭૦૨૩ તથા નં. ૮૯૨૬૨૫૧૧૬૦ ના ધરાવતા કોઈ અજાણ્યા વ્યકિતએ SBIનાં કસ્ટમર કેર અધિકારીની ખોટી ઓળખ આપી આ કર્મીને વિસમાં લઈ કર્મીનાં મોબાઈલ ફોનમાં વોટ્સએપમાં Banking Update.apk નામની ફાઈલ મોકલી અને આ એપ્લીકેશન ડાઉનલોડ કરાવી કર્મીના SBI YONO એપ્લીકેશન મારફત કર્મીની જાણ બહાર અજાણ્યા ઈસમે બદદાનતથી જુદી જુદી રકમની ટ્રાન્જેકશન કરી કર્મચારીનાં ખાતામાંકુલ રૂપિયા ૯,૯૩,૨૯૯ ઉપાડી લઈ કર્મચારી સાથે કોઈ અજાણ્યા ઈસમે વિસઘાત કરી છેતરપીંડી કર્યાની સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
62,790/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૪/૦૫/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

Follow us Now :-
Aiкyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
અતિશય તણાવના સામાન્ય લક્ષણો
+ ઊંઘ અથવા પાચનમાં સમસ્યા.
+ નિર્ણય લેવામાં મુશ્કેલી.
+ બેચેની અથવા ખોટા વિચારો.
+ છાતીનો દુ:ખાવો.
+ માથાનો દુ:ખાવો.
+ યાદ રાખવામાં સમસ્યા.
+ એકલા રહેવાનો અનુભવ.
જો તમને આવા લક્ષણો જણાય તો આજે જ અનુભવી સાઈકીયાટ્રીની મુલાકાત લો.
અમરેલી જિલ્લામાં ખ્યાતનામ
મગજ, માનસિક રોગો, જાતીય નબળાઈ તથા વ્યસનમુકિતના ડોકટર
ડો. વિવેક જોષી
M.B. (સાઈકીયાટ્રી)
D.P.M., F.I.P.S., M.I.A.P.P
97370 28181 | 02792-224224
પરમ કોમ્પ્લેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
ફ્રી ડાયાબીટીસ અને બ્લડપ્રેસર કેમ્પ
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ (ગોળ દવાખાનુ) - અમરેલી આયોજીત
ફ્રી નિદાન કેમ્પ...
આ કેમ્પમાં ડાયાબિટીસ, હૃદય રોગ, બ્લડપ્રેશર નું નિદાન અને સારવાર કરવામાં આવશે...
નોંધ:
ડાયાબિટીસ માટે લોહીની મફત તપાસ કરવામાં આવશે...
જૂની ફાઈલ અને રિપોર્ટ હોય તો તે લઈને આવવુ.
ડો. જાગૃતિ ચાંડપા
(M.D. Physician)
તારીખ : ૦૫/૦૫/૨૦૨૪ રવિવાર
સમય : બપોરે ૧૦ થી ૧૨:૩૦
કેમ્પનું સ્થળ :
ડો.અલ્તાફ દેસાઈ નું દવાખાનું શિફા ક્લિનિક
અતસ્વાલા સ્ટોર ની બાજુમાં,જૂની જેલ રોડ, અમરેલી મો. 9426255053
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
99045 93355 / 99789 66629

મગજ, કરોડરજુ, મણકાના દર્દીઓ માટે
ફ્રી નિદાન કેમ્પ
તારીખ : ૦૭-૦૫-૨૦૨૪, મંગળવાર
સમય : સવારે ૧૦:૩૦ થી ૧:૦૦ સુધી.
કયા દર્દીઓ લાભ લઈ શકે.
✓ મગજ, કરોડરજુ, મણકાના રોગો
✓ પક્ષાઘાત, આંચકી
✓ મણકામાં ગાદી ખસી જવી
✓ નસ પર દબાણ આવવુ
✓ હાથ-પગમાં ખાલી ચડવી, સાયટીકા
✓ અકસ્માતમાં મગજ-કમરમાં થયેલ ઈજા
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
ડૉ. લાલજી માંગુકીયા
(એમસી.એચ.)
કન્સલ્ટન્ટ ન્યુરોસર્જન
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

# સાવરકુંડલા ખાતે કોંગ્રેસનાં ઉમેદવાર જેની ઠુંમરનો ડોર ટુ ડોર પ્રચાર



સાવરકુંડલા શહેરમાં અમરેલી લોકસભા કોંગ્રેસના મહિલા ઉમેદવાર જેનીબેન ઉમરે લોક સંપર્ક કર્યો હતો વેપારીઓને મળી અને તેમના પ્રશ્નો સાંભળ્યા હતા. આજે કે વેપારીઓ તેમને ઉમેદવાર આવકાર્યા હતા અને સાવરકુંડલાના કાટા ઉદ્યોગ તેમજ લોખંડ ઉદ્યોગના વિકાસ માટે આગામી સમયમાં કામ કરવામાં આવશે સાવરકુંડલા શહેર થી લાંબા અંતરની પેસેન્જર ટ્રેન નો અયોધ્યા, ચારધામ યાત્રા, કાશી, મથુરાની ટ્રેનો શરૂ થાય તેવી જેનીબેન લોકોને ખાતરી આપી હતી અને કહ્યું હતું કે હું સાંસદ તરીકે ચૂંટાઈશ એટલે મારી પહેલી રજૂઆત સાવરકુંડલાથી લાંબા અંતરની પેસેન્જર ટ્રેન મળે એ રહેશે સાવરકુંડલા શહેરના પ્રાથમિક પ્રશ્નો પાણી રસ્તા પર પૂરતું ધ્યાન આપવામાં આવશે આ ઉપરાંત સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોને પૂરતા ભાવ મળે અને એમએસપી મુજબ ખેડૂતોને પૂરતા ભાવ મળે તેવી રાહુલ ગાંધીએ કોંગ્રેસના ચૂંટણી મેનિફેસ્ટોમાં વચન આપ્યું છે તેનું પાલન કરવાના અમારા પ્રયત્નો રહેશે સાવરકુંડલા શહેરમાં બહેનોના રોજગારી મળી રહે તે માટે ગૃહ ઉદ્યોગમાં કાર્યરત સંસ્થાઓના વિકાસ માટે પણ કાર્ય કરવામાં આવશે આ ઉપરાંત સાવરકુંડલા શહેરમાં શૈક્ષણિક વિકાસ થાય તે માટે સંસ્થાઓ અને સરકાર સ્તરે રજૂઆત રહેશે અને આરોગ્યની સારામાં સારી સુવિધા મળે તે માટે જેનીબેને ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની ખાતરી આપી હતી આ તકે જેનીબેન ઠુંમર સાથે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, ચંદ્રેશભાઈ રવાણી, તાલુકા પ્રમુખ નરેશભાઈ દેવાણી, હસુભાઈ સૂચક, કનુભાઈ ડોડીયા, હાર્દિકભાઈ કાનાણી, અશ્વિનભાઈ ધામેલિયા, વિનુભાઈ ગુંદરણીયા, મહેશભાઈ જયાણી, જીજ્ઞેશભાઈ ભરાડ, અહેમદભાઈ, ઈમરાનભાઈ, વલ્લભભાઈ ઝીંઝુવાડીયા, ઓસાભાઈ પઠાણ, ઈકબાલભાઈ ધોરી, કિરીટભાઈ દવે, ભૂપતભાઈ ચુડાસમા વિજયભાઈ રાઠોડ, સહિલભાઈ શેખ, ભરતભાઈ, અશોકભાઈ ખુમાણ, નસિરભાઈ ચૌહાણ, રાજેભાઈ સહિતના કાર્યકરો પ્રવાસમાં જોડાયા હતા.

### બીજા એડી. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટમાં કેસ ચાલી જતાં

## અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ પ્રોહિબીશનનાં ગુન્હાનાં બંને આરોપીઓ નિર્દોષ

### આરોપી તરફે એડવોકેટ જે.આર. વાળા અને જે.વી. સોલંકીએ કરેલ દલીલો સફળ રહી

અમરેલી, તા. ૪

અમરેલીનાં બાયપાસ માર્ગ ઉપરથી તાલુકા પોલીસે બે વ્યકિતઓએ વિદેશીદારૂ ૨૬ બોટલ સામે ઝડપી ગુન્હો દાખલ કરેલ. જે અંગેનો કેસ અમરેલીનાં બીજા એડીશનલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટમાં ચાલી જતાં બંને આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ બીજા એડીશનલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સુનિલકુમાર પટેલે કરેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ૧૦ જૂન ૨૦૨૩માં જાફરાબાદનાં બાલાનીવાવનાં પહુભાઈ વરૂ અને મુળી તાલુકાનાં રામપરડા ગામનાં અનિલભાઈ બોરીચા વિરૂધ્ધ ગુજરાત નશાબંધી અધિનિયમની જુદી–જુદી કલમ મુજબનો ગુન્હો નોંધાયેલ.

જે અંગેનો કેસ ચાલી જતાં આરોપી–૧ તરફે એડવોકેટ જે.આર. વાળા અને આરોપી–૨ તરફે એડવોકેટ જે.વી. સોલંકીએ સફળ દલીલો કરતાં બંને આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

### યજ્ઞ, માતાજીનો પાઠ સહિતનાં કાર્યક્રમો સાથે

## વડિયા : ધુધંલીયાનાથ મહાદેવ મંદિર ખાતે ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

### મોટી સંખ્યામાં ધાર્મિકજનોએ લાભ લીધો



વડિયા, તા. ૪

વડિયા કૃષ્ણપરા વિસ્તારમાં આવેલ અતિ પૌરાણીક ધુધંલીનાથ મહાદેવ નું મંદિર આવેલ છે જયાં ધૂંધળીનાથ મહાદેવ સાથે અંબે માતાજી પણ બિરાજે છે. જેમા છેલ્લા કેટલાક સમયથી અંબેમાતાજીની મૂર્તિ ખંડિત થઈ ગઈ હતી ત્યારે રજનીકાંત ભટ્ટ પરિવારને એવી પ્રેરણા આવી અને નવી મુર્તિ બિરાજમાન કરી પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી જયાં માતા અંબાની મૂર્તિ ખંડિત થયેલ જેનું પ્રાણ પ્રતિષ્ઠાના દાતા રજનીકાંતભાઈ અને માલતીબેન ભટ્ટ પરિવાર દ્વારા બે દિવસ હવન પૂજન કરી અંબામાની મૂર્તિનુ પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી આ તકે વડિયા ગામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આગાઉ પણ આ મંદિરના રીનોવેશનનો સંપૂર્ણ દાતા તરીકે વડિયાના વતની રજનીકાંતભાઈ ભટ્ટ, માલતીબેન ભટ્ટ છે પરિવાર રહ્યા હતા સાથે સમગ્ર પૂજન વિધિ સમ્પન કરવામાં આવી હતી આતકે ગામના આગેવાનો દ્વારા દ્વારા રજનીકાંતભાઈ ભટ્ટનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું.

## બાબરામાં પોલીસ અને અર્ધ લશ્કરી દળના જવાનો દ્વારા ફલેગ માર્ચ યોજાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૪

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત કાયદો–વ્યવસ્થા બાબતે બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સીઆરપીએફની કંપની તથા બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ દ્વારા બાબરા સીટી તથા ગ્રામ વિસ્તારમાં ફલેગ માર્ચ કરવામાં આવેલ તથા બાબરા પોલીસ સ્ટેશન દ્વારા કોટડાપીઠા ચેકપોસ્ટ તથા મોટા દેવળીયા ચેકપોસ્ટ ખાતે વાહનચેકિંગ કરવામાં આવેલ.

### છાશવારે સિંહો રાત્રિ દરમિયાન ગામડાઓમાં પ્રવેશતા હોય છે

## ઉનાના વડવિયાળા ગામે સિંહણનું મોત માર્ગ અકસ્માતનાં લીધે થયું અને વન વિભાગે મોતનું કારણ ઈનફાઈટ દર્શાવ્યું ?

### કયારેક–કયારેક ધોળી'દિએ પણ સિંહો ખેતરોમાં આટાંફેરા કરતા જોવા મળે છે




તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૪

ઉના ગીર ગઢડા રોડ ઉપર વડવિયાળા ગામે ટેલિફોન એક્સચેન્જની સામે વાહનની અડફેટે ૩ વર્ષની સિંહણનું અકસ્માત નીપજેલું. તા.૩.૫.૨૦૨૪ ની રાતે આશરે ૧.૦૦ વાગ્યા આસપાસ રોડ ઉપર માદા સિંહ બાળનો કોઈ વાહન સાથે અથડામણમાં મોત નિપજયુ હતું. જેની જાણ જંગલ વિભાગને થતા આ બનાવને જંગલ વિભાગે ઈન ફાઈટનું કારણ આપીને અકસ્માતની ઘટનામાં ખપાવવાનો અને સાચી હકીકત છૂપાવવાનો પ્રયાસ કરેલ.

આ અંગે જંગલ વિભાગના જસાધાર રેન્જના આરએફઓ ભરવાડએ તેમજ ફોરેસ્ટ ગાર્ડ હિતેષ બારોટે આ બાબતને ના બતાવવા તેમજ સિંહણનું ઈન ફાઈટમાં મોત નિપજયું હોવાનું કહેલું. આમ આ બનાવને ફોરેસ્ટ વિભાગના અધિકારીઓએ આ બનાવને ઈન ફાઈટમાં ખપાવવાની કોશિશ શા માટે કરેલ. બનાવની વિગત મેળવવા અનેક વાર ફોન કરવા છતાં પ્રેસ નોટ કે અન્ય વિગત આપી નહોતી.

આ અંગે વન વિભાગના અધિકારીઓ પાસે માહિતી મેળવવા ફોન કરેલો ત્યારે સાચી માહિતી આપવાને બદલે અન્ય વાતોમાં ગુમરાહ કરેલ તેમજ સાચી માહિતી છુપાવવા કહેલું અને અવાર નવાર ફોન કર્યા બાદ પણ જસાધાર ઓફિસ સુધી મુલાકાત લીધા બાદ ત્યાં આરએફઓ હાજર ન હતા તેમ જ ટેલીફોનિક વાત કરતા બહાર હોવાનું કહેલ અને ૩૬ કલાક બાદ સાંજના સમયે ખોટી પ્રેસ નોટ જાહેર કરેલ જેમાં સાચી વિગત દર્શાવી ન હતી તેમજ પ્રેસનોટમાં આખલાનો ઉલ્લેખ કરેલ તે અંગે વડવિયાળા ગ્રામજનો સંપર્ક સાધતા આજુબાજુના સ્થળ નજીક રહેતા લોકોએ જણાવેલ કે ત્યાં આવો કોઈ આખલો ઘાયલ થયેલ હાલતમાં કોઈએ જોયેલ ન હતો અને સ્થળ પર રોડની વચ્ચે સિંહનો વહી ગયેલ લોહી તેમ જ પારે વાહને બ્રેક મારતા ટાયર ના નિશાનો જોવા મળેલ અને સ્થાનિકોના કહ્યા પ્રમાણે આ સિંહનું ટ્રક સાથે અકસ્માત થયાનું જાણવા મળ્યું હતું.

જયારે વન વિભાગ દ્વારા પોતાનો લૂલો બચાવ કરવા કોઈપણ અધિકારીના સહી સિક્કા વગરની પ્રેસનો જાહેર કરેલ હતી જેમાં જણાવ્યું હતું કે વડવિયાળા ગામ પાસે વહેલી સવારના સમયે આંખલાનું મારણ કરવા કોશિશ કરેલ તે સમયે મોત થયેલ જે અંગેની જાણ થતા તાત્કાલિક સ્થળ પર દોડી આવેલ સ્થળ પર તપાસ કરતા એક આંખનો જીવતો મળી આવેલો તેના શરીર પર લાગેલા તાજા નિશાન પંજાના નવો તથા સિંહના દાંતના નિશાનો શરીરના ભાગે જોવા મળેલ અને બાજુના ભાગે સિંહણનો મૃતદે પડેલ તેની તપાસ કરતા સિંહણના શરીરના ભાગે મૂંડમારના નિશાન તેમ જ ગંભીર ઈજાના નિશાન જોવા મળતા સિંહ અને આખલા વચ્ચે અથડામણ થયેલ હોય જેમાં સિંહનું મોત નીપજતા સિંહણના મૃતદેહને પીએમ અર્થે જસાધાર ખસેડાઈ હતી. આ ત્રણ વર્ષની માદા સિંહણનું વાહન સાથે ના અકસ્માતના મૃત્યુ માટે કોણ જવાબદાર અહી પૂરપાટ ઝડપે રાત્રીના સમયે ચાલતા મોટા મોટા ડમ્પરો કે જેને કોઈની રોકટોક નથી કે ફરીઆ વાહન અડફેટે સિંહના મોતને ઈન ફાઈટમાં ખપાવવા ની કોશિશ કરનાર આ ફોરેસ્ટ કર્મીઓ શું આવી ઘટના છૂપાવવા બદલ આવા કર્મીઓ વિઢદ્ધ કોઈ કડક પગલાં લેવાશે કે બદલી આપીને સંતોષ માનવામાં આવશે .

આ સર્જાયેલ અકસ્માત અંગે પર્યાવરણ પ્રેમી ભીખુભાઈ બાટા વાળાએ જણાવ્યું હતુ કે, ગીરપૂર્વમાં જસાધાર રેન્જમાં ગીર ગઢડા રાઉન્ડના ગીર ગઢડા ઉના રોડ પર જાણે કે આ રોડ શેડ્યુલ વનના વન્યપ્રાણીઓ સહિતના વન્યપ્રાણીઓ માટે કબ્રસ્તાન સાબિત થતું હોય તેમ છાસવારે અંદાજે ૧૨:૦૦ વાગ્યે બેફામ અને બેખૌફ ચાલતા સ્ટોન ક્રશરના વાહનો જે વાહનની અંદર ઓવરલોડ ખનીજ ભરે હતું તે વાહન પરત ફરી રહ્યું હતુ ત્યારે વડવિયાળા ગામ નજીક શેડ્યુલ વનની સિંહણને મોતને ઘાટ ઉતારી દીધેલી જે સિંહણ ના મોત બાદ વન વિભાગ ને ઉપલા અધિકારીને જાણ કરવાની જગ્યાએ વન વિભાગ એ આમાં બનાવ ને છે વન્ય પ્રાણી છે શેડ્યુલ વનના વન્ય પ્રાણી છે અને એને જો મારી નાખવા માટે આ તમારા વન વિભાગને આ લોકો પૂરેપૂરા હપ્તા આપે છે એટલે બેફામ અને બે ખોફ ઓવરલોડ વાહનો ભરાય છે અને વન વિભાગને આમાં જલસા છે એટલે તેને સિંહણ ની કિંમત નથી એને તો પોતાના બેંક બેલેન્સ વધે તેની કિંમત હોય એવું માનવું

### મીડિયા કર્મી અને વન વિભાગના અધિકારી હિતેશ બારોટનો વાર્તાલાપ

હિતેશ બારોટ : હાલો
મીડિયાકર્મી: નમસ્કાર સાહેબ વડાવિયાળા ગામ આજુબાજુ ડમ્પર ચાલકે સિંહણને અડફેટે લીધી હતી એવી કોઈ ઘટના બની છે ?
હિતેશ બારોટ : ના ઈન ફાઈટ જેવું હતું અને સારવાર અર્થે ઓલા પણે છે
મીડિયાકર્મી : કયાં
હિતેશ બારોટ : જશાધાર
મીડિયાકર્મી : ઈન ફાઈટનો મામલો છે ડેથ થઈ કે ?
હિતેશ બારોટ : હમ હમ હમ ના ડેથ નથી થઈ સારવારમાં છે
મીડિયાકર્મી : એવું છે અંદાજિત કેટલા વર્ષની?
હિતેશ બારોટ : અંદાજિત બે થી ત્રણ વર્ષની પણ ઈ મેટર રેવા દેજો ને ઈ નો લેતા
મીડિયાકર્મી : એવું છે
હિતેશ બારોટ : રેવા દયો ને હું બીજી મેટર આપુ દીવમાં રેસ્કયું કર્યુ ને
મીડિયાકર્મી : એ તો વિગત મળી ગઈ
હિતેશ બારોટ : આવી ગઈ વિગત ? દીવથી તમારી પાસે આવી હશે પણ ગુજરાતની તમને મોકલાવું.

આ રોડ ઉપર ગેરકાયદે ચાલતા ઓવરલોડ ડમ્પરો દ્વારા વન્ય પ્રાણીના મોત થયા હોવાના બનાવો બને છે અગાઉ પણ શિયાળ , જરખ, રોજ, હરણ, નીલગાય સહિતના પ્રાણીઓના મોતના બનાવો બન્યા છે જે વન વિભાગ એ દબાવવાનો અને છુપાવવાનો પ્રયાસ કર્યો છે પણ જાગૃત નાગરિક અને જાગૃત પત્રકારોએ આ બાબતને ઉજાગર કરી અને અગાઉ અવાર નવાર માધ્યમોમાં પણ સમાચાર પ્રસિદ્ધ કરેલ છે ગઈકાલ રાત્રે છુપાવવા કોશિશ કરી આ બાબતને ગામના જાગૃત નાગરિકો અને જાગૃત પત્રકારોને જાણ થતા તેઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા અને તપાસ કરી તો આની અંદર સિંહણ નું મોત અકસ્માતમાં થયું હોવાનું દેખાઈ આવતું હતું અને આર એફ ઓ તેમજ તે વિસ્તારના ફોરેસ્ટ ગાર્ડતો વળી બધાથી આગળ નીકળ્યો હોય એ રીતે પત્રકારોને કહેલ કે આ બધું રહેવા દો ને ખાનગી રાખવાનું છે એલા ભાઈ આ જાહેર છે પણ આ બાબતની વન વિભાગ તો નહીં જ તપાસ કરે પણ એસીએફ, ડી સી એફ, ધારીના ઉચ્ચ અધિકારી દ્વારા જો તપાસ કરવામાં આવે તો આવા તો અનેક વન્ય પ્રાણીઓ મૃત્યુ પામેલાના કબ્રસ્તાન છે અને એના હાડપિંજર નીકળે એમ છે રોડ ઉપર શેડ્યુલ વન સહિતના પ્રાણીઓના મોત થાય છે એના માટે બેફામ અને બેખોફ પણે દોડતા વાહનોની સ્પીડ લિમિટ કરવા તથા સ્પીડ બ્રેકરો મૂકવામાં આવે તેવી માંગ કરાઈ હતી.

# ઈશ્વરીયા ખાતે ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનાં સમર્થનમાં સહકાર સંમેલન યોજાયું



અમરેલી જિલ્લા સહકાર સંમેલન ઈરીયા ખાતે ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના અધ્યક્ષ સ્થાને યોજાયું. સહકાર સંમેલનમાં પ્રભારી ધર્મેન્દ્રસિંહ જાડેજા, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ નારણભાઈ કાછડીયા, ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, મહેશભાઈ કસવાળા, જે.વી. કાકડિયા, જનકભાઈ તળાવિયા સહિત ભાજપ સંગઠનના આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાયો. દિલીપ સંઘાણીએ જણાવેલ કે દરેક સહકારી કાર્યકર્તા પોતાનું બુથ મજબૂત થાય તે માટે પ્રયત્ન કરે અને નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં એક કમળ અમરેલીનું જાય અને સહકારથી પણ બુથ મજબૂત થાય તે માટે પ્રયત્ન કરવા અપીલ કરેલ. ઈફકો ના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ ભારત સરકારનું સહકાર મંત્રાલય બન્યા બાદ ડેટાબેઝ તૈયાર કરવો રાષ્ટ્રીય કક્ષાએ ઓર્ગેનિક , બીજ તથા એકસપોર્ટના નિગમો બનાવ્યા અને ખેડૂતો સીધા વેપાર કરી શકે તેવી વ્યવસ્થાઓ ભારતીય જનતાપાર્ટીની સરકારના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ સહકાર મંત્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં સહકાર મંત્રાલય દ્વારા નવી નવી યોજનાઓ અને ડેટાબેઝ તૈયાર કરવામાં આવેલો છે તે અંગેની માળખાકીય સુવિધાઓ શું શું આપવામાં આવેલી છે, યોજનાઓ કઈ કઈ છે તે બાબતે ઊંડાણપૂર્વક વિગતો આપેલ તેમજ કોંગ્રેસની સરકારમાં ખેડૂતને કેસીસી ધિરાણ ૧૮% એ મળતું હતું તે સમય અને અત્યારે ખેડૂતોને વગર વ્યાજે કેસીસી ધિરાણ મળે છે એ બાબતે વાત કરેલ. પ્રભારી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ અબ કી બાર ૪૦૦ કે પાર અને ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પાંચ લાખ કરતાં વિજેતા થાય તે માટે કામે લાગવા અપીલ કરેલ. નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા જણાવેલ કે કોંગ્રેસ પાર્ટી હિન્દુત્વ વિરોધી પાર્ટી છે અને ભરતભાઈ સુતરીયાને જંગી બહુમતીથી જીતાડવા માટે અપીલ કરેલ. નારણભાઈ કાછડીયા, અનિભાઈ સાવલિયા સહિત પ્રાસંગિક ઉદબોધન કરેલ. સ્વાગત પ્રવચન અમરેલી જિલ્લા સહકારી સંઘના પ્રમુખ મનીષભાઈ સાંગાણીએ કરેલ અને આભાર વિધિ અમરેલી જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસુરીયા કરેલ.


























**પ્રકરણ-૧૮૩ વર્ષ ૧૯૬૧**

**સારે જહાં સે અચ્છા..
હિંદુસ્તાન હમારા..
મે જબ ભી અકેલી હોતી હું.
તુમ ચુપકે સૌ આ જાતે હો
મેરે દિલબર મુજપર ખફા ના
હો. કહી તેરી ભી કુછ ખતા
ના હો
મજહબ નહીં શિખાતા આપસ
મે બેર રાખના
પ્રિય વાચક મિત્રો,**




## ફિલ્મી સફર
(એક ઈતિહાસ)

**હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬**




આ સપ્તાહમાં તારીખ સાતના રોજ મતદાન પર્વ છે, ભારત ના હિત, સુરક્ષા અને અન્ય પ્રશ્નોના ઉકેલ લાવી શકે તથા, ભારતનું ભાવિ જયાં એકબંધ અને સુરક્ષિત રહે તેવી સરકારની રચના થાય તેજ અભ્યર્થના સાથે. મતદાન અવશ્ય કરવા વિનંતી છે. વર્ષ ૧૯૬૧માં હિન્દી સિનેમા માં એક સૌથી વધુ ફિલ્મો બની, પણ સફળ દરેક ફિલ્મો થતી નથી, અહી જે ફિલ્મો અને જે કલાકારોએ ૧૯૬૧માં હિન્દી સિનેમા માં અભિનયના ઓજસ પાથરયા તેનો ઉલ્લેખ જરૂરી છે.

૧૯૬૧માં ધાર્મિક ફિલ્મો બનતી રહી, જે ધર્મ સાથે જોડાયેલ હોવાથી થોડા ઘણા અશે સફળ રહેતી હતી, જેમ કે, છત્રપતિ શિવાજી, જાય ભવાની, સતી રેણુકા, સાવિત્રી જેવી ફિલ્મો તેના ધર્મ સંદેશના લીધે ચાલી, મહિપાલની સંપૂર્ણ રામાયણ ફિલ્મ, જેની વાત આગળ કરીશું સફળ રહી. તો મહિપાલની જબકપણ સફળ રહી, મનહર દેસાઈ અમૃતમંથન, અને મદન મંજરી સફળ ના રહી, આઈ એસ જોહરની ફિલ્મ અપલમ ચપલામ સફળના રહી, પ્રદીપ કુમારની પાસપોર્ટ જે મધુબાલા સાથે આવી તે થોડા ઘણા અંશે ચાલી, બાકીની ફિલ્મો અપ્સરા, બટવારા, મોડર્ન ગર્લ, અને સંજોગ સફળ ના રહી, શ્યામ કુમારની આરબ ક સિતારા સફળ ના રહી, શેખ મુખ્તારની એકશન ફિલ્મો, બડા આદમી, ઉમરકેદ, તેલ માલિશ, બુટ પાલિશ સફળના રહી. અભિ ભટ્ટા ચાર્યની દો ભાઈ અને રામલીલા સફળ ના રહી, જયદેવ સંગીતકારની સાથે ફિલ્મ હમદોનોમાં નાની ભૂમિકા ભજવી, શેખરની હમ મતવાલેને જવાન સફળના રહી, રંજન એકશન અને ડ્રામા ફિલ્મો સાથે જાદુ નગરી અને ખિલાડી, સવેરા જેવી ફિલ્મો આપી પણ સફળતા ના મળી, પી જયરાજની જય ચીટર, રજિયા સુલ્તાન સફળના રહી, હકર્યુલસની એકશન ફિલ્મ જાલીમ જાદુગર સફળના રહી, ઉદયકુમારની મહાવત સફળ ના રહી, અજિતની ઓપેરા હાઉસ સફળ રહી, જેની વાત આગળ કરીશું પણ મે એર મેરા ભાઈ સફળ ના રહી, અનંતકુમારની મતલબી દુનિયા સફળ ના રહી, ડેવિડ ની મેમ દીદી સફળ ના રહી, જેમાં તનુજા એ અભિનય આપેલ હતો, ફિરોઝ ખાન અને આઈ એસ જોહરની મી ઈન્ડિયા સફળ ના રહી, અસાગરની મુરાદ, મનમોહન કૃષ્ણની પ્યાર કી પ્યાસ સફળના રહી, સુદેશ કુમાર નામના કલાકારની સારંગા ગીતોથી લોકપ્રિય થઈ જેની વાત આગળ કરીશું, પણ પ્યાર કી દાસ્તાન સફળ ના રહી, નાસિર ખાનની સાયા સફળના રહી તો, સુબબી રાજની સલામ મેમસાબ સફળના રહી, પ્રેમ નાથ ફલોપ સ્ટાર સાબિત થઈ ચૂકયા છે, તેમની ફિલ્મ સારા ઝહા હમારા સફળ ના રહી, જેમીની ગણેશનની સૌગંધ સફળ ના રહી, પૃથ્વી રાજકપૂરની સેનાપતિ પણ નિષ્ફળ રહી, કામરાનની શાહી ફરમાન સફળ ના રહી, વિજય દત્ત બી શમા, કરણ દીવાનની તનહાઈ, સુરેશની શોલા જો ભડકે અને તીન ઉસ્તાદ, વિજય કુમારની વોન્ટેડ મ ભગવાનદાદાની વજીરે આલમ, અને ઝમાના બદલ ગયા, કયારે થિયેટર માં આવી અને કયારે જતી રહી તેની યાદી નથી.

ધર્મ પુત્ર – અભિનેતા શશિકપૂરની આ પ્રથમ હીરો તારીખેની ફિલ્મ છે, અને યશ ચોપરાની નિર્દેશનમાં આ બીજી ફિલ્મ છે, યશ ચોપરાએ પેહલી ફિલ્મ ધુલ કા ફૂલમાં એક હિન્દુ બાળકને એક મુસ્લિમ ત્યાં પરવરીશ થતું બતાવ્યુ હતું, આ ફિલ્મ ધર્મ પુત્રમાં એક મુસ્લિમ બાળક એક હિન્દુ પરિવારમાં ઉછેરે છે તેવું દર્શાવ્યું છે, યશ ચોપરાનો જન્મ કરાચી પાકિસ્તાનમાં થયો હતો, ત્યારે તે હિંદુસ્તાન હતું, ૧૯૪૭ માં ભારતને આઝાદી મળી, અને અંગ્રેજોએ ભારતના હિન્દુ અને મુસ્લિમ વચ્ચે એક કડવાહટ ના બીજ રોપ્યા, અને બન્ને કોમને એકબીજાના દુશ્મન બનાવી દીધા, ભારત આઝાદ થયું, અને ભારતના ભાગલા થયા, મુસ્લિમોએ અલગ દેશની માંગણી કરી અને પાકિસ્તાનની જન્મ થયો, ભારત અને પાકિસ્તાન અલગ થયા, અને આઝાદી સમયે હિન્દુ અને મુસ્લિમ જે એક તાકાત થી અંગ્રેજો સામે લડતા હતા, તે એકબીજા ના લોહીના પ્યાસા થઈ ગયા. યશ ચોપરાએ આ બધુ નિહાળ્યું છે, એટલે તેમણે તેમની બન્ને ફિલ્મોમાં હિન્દુ અને મુસ્લિમ એકતાની વાત વણી લઈ ફિલ્મો આપી હતી.


યશ ચોપરાના નિર્દેશન અને બી.આર.ચોપરાના નિર્માણ અને બી.આર.ફિલ્મ્સના બેનર તળે આચાર્ય ચતુરસેનની નવલકથા ધર્મ પુત્રની પ્રેરણા લઈ અખતર ઉલ રેહમાનના સંવાદ, ધરમ ચોપરાની સિનેમા ઓટો ગ્રાફી, પ્રાણ મહરાની એડિટિંગ, સાહિર લૂધ્યાનવીના ગીતો અને એન દત્તાનું મધુર સંગીત જેમાં અશોક કુમાર, રેહમાન, માલા સિંહા, મનમોહન કૃષ્ણા, નિરૂપા રોય, ઈંદ્રાણી મુખરજી, તબ્બસુમ, દેવેન વર્મા, લીલા ચિટનીસ, મેહમાન કલાકારમાં રાજેન્દ્ર કુમાર અને શશિકલા અને શશિ કપૂરથી અભિનીત આ ફિલ્મ સફળ રહી હતી. આજે એક ગીત માટે જાણીતા કલાકારો કોઈ ફિલ્મમાં દેખાય છે, જેને કીમિયો રોલ કેહવાય છે, એની શરૂઆત પણ ૧૯૬૦ના દસક પેહલાથી ચાલી આવે છે, અહી એક ગીત યે કિસકા લહુ હે .. યે કેન મરા હે ગીત માટે અને નાની ભૂમિકા માટે રાજેન્દ્ર કુમાર આ ફિલ્મમાં દેખાય છે, જે યશ ચોપરા સાથેની મિરતા છે, અને અભિનેત્રી શશિકલા એક મેરે દિલબર મુજ સૌ ગીતમાં દેખાય છે.ફિલ્મની કથા ટૂંકમાં જોઈએ તો, અશોક કુમાર એક મુસ્લિમ પરિવારના નવાબ છે, અને રાજીવ જે એક હિન્દુ પરિવારના અમીર વ્યક્તિ છે, બન્ને મિત્રો છે, રાજીવના નિધન બાદ તેના પુત્ર મનમોહનને અશોક અભ્યાસ માટે મદદ કરે છે, અને મનમોહન ડોકટર બને છે, અશોકની પુત્રી માલા તેના જાતના યુવક રેહમાનને પ્રેમ કરે છે, પણ રેહમાન ગરીબ છે, અને અશોક તેને અપમાન કરી માલા અને રેહમાનને એક થવા દેતા નથી, પણ માલા રેહમાનના બાળકની માતા બનવાની છે, તે વાત જાણી અશોક પોતાની આબરૂ જવાના ડરથી મનમોહનની મદદ માંગે છે, બન્ને માલાની પ્રસૂતિ શહેરથી દૂર શિમલા કરે છે, અને મનમોહન અને તેની પત્ની નિરૂપા માલાના સંતાનને તેનું સંતાન છે તેમ જાહેર કરે છે. પ્રસૂતિ બાદ અશોક રેહમાનને શોધી માલા સાથે તેના નિકાહ કરવી દે છે, રેહમાનને પણ તેના અને માલાના સંતાન વિષે માહિતી છે, પણ સમાજના ડરના લીધે તેઓ તેને મનમોહન પાસે જ રેહવાદે છે, માલા ફરી ગર્ભવતી થાય છે, પણ એક અકસ્માતમાં તે કયારેય માતા નહીં બની શકે તેવી પરિસ્થિતીમાં આવી જાય છે, નિરૂપા અને મનમોહન તેમનું બાળક તેમને આપવા માંગે છે, પણ બાળક નિરૂપાને જ માતા સમજે છે. સમય જતાં ભારત આઝાદ થાય છે, પણ ભાગલા થતાં પાકિસ્તાનનો જન્મ અને હિન્દુ મુસ્લિમ વચ્ચે કડવાહટના બીજ રોપાય છે. રાજેન્દ્ર કુમાર એક નેતા છે જે હિન્દુ – મુસ્લિમ એકતામાં કામ કરે છે, તે સમયે નાનો બાળક શશિ યુવાન થઈ ગયો છે, અને હિન્દુ સંગઠનનો નેતા છે, જે મુસ્લિમનો વિરોધી છે, રેહમાન અને માલા યુવા શશિને મળવા મનમોહનને ત્યાં આવે છે, શશિ તેમને ઘર થી દૂર કરી તેમની હત્યા કરવા માંગે છે, અંતે તેને કેહવાંમાં આવે છે કે તે હિન્દુ નથી પણ માલા અને રેહમાનનો પુત્ર છે, એટલે કે એક મુસ્લિમ છે, શશિના હિન્દુ મિત્રો શશિ મુસ્લિમ છે તે જાણી તેની હત્યા કરવા તૈયાર થાય છે, પણ શશિની પ્રેમિકા ઈંદ્રાણી પોલીસ સાથે આવી તેમને બચાવે છે. શશિ લોકોને પૂછે છે કે તે હિન્દુ હતો તો તમે સાથે હતા, અને આજે મુસ્લિમ છુ તો વિરોધી છો, શું કોઈ ધર્મ માનવને બનાવે છે ?, કે માનવ જ ધર્મના ફાટા પાડી રહ્યો છે ? શું માનવતાથી મોટો કોઈ ધર્મ છે ? તેના પાલક માતા પિતા હિન્દુ છે, પણ જન્મ આપનાર મુસ્લિમ છે તો તે કયાં ધર્મનો થયો ? માનવ ધર્મ જ સાચો ધર્મ છે. અને શાંતિમાં જ એકતા છે.યશ ચોપરાના નિર્દેશનમાં શશિ કપૂર, માલા સિંહા, રેહમાન, મનમોહન કૃષ્ણા અને નિરૂપા રોયની સાથે નાની ભૂમિકામાં રાજેન્દ્રકુમાર અને અશોક કુમાર છવાઈ જાય છે, ફિલ્મ હિન્દુ – મુસ્લિમ એકતાના સંદેશ સાથે પૂર્ણ થાય છે. ફિલ્મના ગીતો આજે પણ લોકપ્રિય ગીતોની યાદી માં છે. આશાજીના સ્વરમાં મે જબ ભી અકેલી હોતી હું, અને નૈના કયૂ બરશે, આજે પણ સાંભળવા ગમે છે, તો રફી સાહેબ અને આશાજીના સ્વરમાં જો યે દિલ દિવાના મચલ ગયા, મહેન્દ્રકપૂરના સ્વરમાં યે કિસ ક લહુ હે, અને આશાજી અને રફી સાહેબના સ્વરમાં સારે જહાં સૌ અચ્છા હિંદુસ્તાન હમારા.. મજહબ નહીં શીખતા આપસ મે બેર રખાનાં.. ગીતો લોકપ્રિય છે. આગામી અંકમાં અજિત અને મહિપાલની હિટ ફિલ્મો સાથે મળીશું. **આભાર. હિતેશ જોશી.**

# કામમાં ન આવે તેવી કમાણી : મેદસ્વિતા-જાડાપણૂં (OBESITY)-ભાગ

## અધારણીય વેગો

**ડો. ભાવેશ કે. મહેતા**
**અમરેલી**

વેગાન્ન ધારયેદ્ધા તવિણ્મુત્રક્ષ વતુટક્ષુધામ (પાઈપ)





નિદ્રાકાસ ભ્રમસ્વાસ જુમ્ભાડશ્રુચ્છર્દિરેતસામ ॥



(અ.હ.સુ.સ્થા.૪) સ્વાસ્થ્ય ઈચ્છતા) મનુષ્યે વાયુ (ઓડકાર અને વાછુટ), મલ, મુત્ર. છીંક, તુષા, ક્ષુધા, નિદ્રા, કાસ, શ્રમજન્ય સ્વાસ, જુંભા(બગાસુ), આંસુ, ઉલટી અને વિર્યના વેગોને (પરાણે) રોકવા નહિ.

ગત શનીવારે સાંજે મારા એક મિત્ર જીગ્નેશભાઈ જોષી (પીજીવીસીએલ), મને અમારા એક ધમાલગલી કાર્યક્રમની પુર્વ તૈયારી રૂપે સીનીયેર સીટીજન પાર્કમાં ભેગા થયા, આમ તો જીગ્નેશભાઈ કાયમ એવરગ્રીન (ફુલ મુડમાં) જ હોય, અમુક વ્યક્તીને આપણે મળીએ એટલે મોજ પડી જાય એવા મુડ વાળા જીગ્નેશભાઈ તે દીવસે થોડા ઓફ મુડ દેખાણા, મને કહે સાહેબ મજા નથી આવતી, પેટ ભારે લાગે છે, સુસ્તી જેવું લાગે છે, કાંઈ દવા આપો, મે તેમને બે પ્રકારની ગોળી લખી દીધી, બીજા દિવસે રવીવારે અમારો ધમાલગલીનો કાર્યક્રમ હતો જીગ્નેશભાઈ ત્યાનો દેંખાણા, સોમવારે રાત્રે ફરી પાછા અમે ભેગા થયા મે કીધુ કેમ જીગ્નેશભાઈ કાલે ધમાલગલીમાંનો દેંખાણા, મને કહે સાહેબએ રાત્રે તો હું ખુબ હેરાન થયો, મે કીધુ શું થયું મને કહે સાહેબ તમે લખેલ દવાતો લીધી પણ રાતે તોય બહુ મજા નહોતી આવતી,
વહેલી સવારે ચાર વાગે અસહ્ય પેટનો દુખાવો થયો પેટ ફાંટ – ફાંટ થાતું જાણે પેટમાં ચીરાતું હોય તેવી વેદના થાવા માંડી, અને આખા શરીરમાં કયાય ચેનનો પડે, તાત્કાલીક હોસ્પીટલ ગયા, ડોકટર સાહેબે એક ઈન્જેકશન આપ્યુ, બાટલો ચડાવ્યો અને સાંજ સુધી મને એડમીટ રાખ્યો. પણ હજી (સોમવારે રાત સુધી) શરીરમાં મજા નથી આવતી, પેટ ભારે લાગે છે, કંઈ ખાવાનું મન નથી થાતું.

મે જીગ્નેશભાઈની તકલીફ તેને કેમ થઈ તેના વિશે પુછયું તેમણે મને આ પ્રમાણે વાત કરી. જીગ્નેશભાઈ મને કહે કે સાહેબ મને એવી આદત છે કે સવારે બે કે ત્રણ વાર જાજરૂં જાવ ત્યારે પેટ બરાબર સાફ આવે, અને એમાં પણ મારે નિરાંત જોવે, ઉતાવળમાં મને પેટ સાફ જ નો થાય. હવે થયું એવુ કે શનીવારે મારે સવારે રાજકાટ જવાનું હતુ એમાં થાડું ઉઠવામાં મોડુ થયું, મારી સાથે જવાવાળા મારી રાહ જોતા હતા અને રાજકોટ સમયસર પહોચવું જરૂરી હતું, એમાં પેટ સેજેય સાફનો આવ્યું અને હુ રાજકોટ જવા નીકળી ગયો, રસ્તામાં પણ મજા નહોતી આવતી, રાજકોટ પહોચ્યા, નાસ્તો હતો પણ મે બહુનો કર્યો, તરત મીટીંગમા મે બેસી ગયા, મીટીંગ બપોર બે સુધી ચાલી, ત્યા જ જમવાનું આપી દીધુ, એટલે અમે લોકો જમીને નીકળી ગયા પણ રસ્તામાં તાવ જેવું થઈ ગયું,



પેટ ફાંટ – ફાંટ થાતું જણે પેટમાં ચીરાતું હોય તેવી વેદનાથાવા માંડી, હું મારા ઘરે પણનો ગયો રસ્તામાં મારા મિત્રના ઘરે આવી અને બે કલાક સુઈ ગયો.

હવે આયુર્વેદમાં વર્ણન જોઈ લો,

શકુત : પિણ્ડકોદ્રેષ્ટ પ્રતિશ્યામશિરોરૂજ : ।

ઉર્દ્વવાયુ : પરીકર્તો હદયસ્યોપરોધનમય

મુખેન વિટપ્રવુતિસ્ચ પુર્વોક્તાસ્ચમયા : સ્મુતા : । (પાઈપ)

અ થા ર્ ત, બહિર્ગમનોન્મુખ મલના (સંડાસ લાગી હોયને રોકવાથી) વેગને રોકવાથી પિંડીઓમાં કળતર, પ્રતિશ્યાય, શિરશુ:લ, વાયુની પ્રતિલોમ ગતિ, પરિકર્ત (કોઠામાં ચીરાતું હોય તેવી વેદના), હદયનો અવરોધ, મુખમાંથી મલની પ્રવુતિ તથા અપાનવાયુનિરોધજ પુર્વોક્ત ગુલ્માદિ વિકારો પણ થાય છે.

શરીરમાંથી મલનામુત્રાદિ ભાવોની બહિર્ગમન માટે પ્રવ્રુતિને વેગ કહે છે, આવા તેર પ્રકારનાં વેગોને રોકવાથી ઉદાવર્તની ઉત્પતી થાય છે મિત્રો સમયના આયોજનના અભાવને લીધે આપણને સવારે ઉઠયાથી જ દરેક કામમાં મોડું થાય છે પરીણામે આપણે આપણી દૈનીક ક્રિયાઓ ઉતાવળમાં પુરી કરવી પડે છે ઉપરાંત કાળ વગેરેના સહજ સંકોચ કે શરમને લીધે આપણે આ બધા વેગોને અવા –નવાર રોકતા હોઈએ છીએ જેનું કયારેક આપણે ગંભીર પરીણામ પણ ભોગવવું પડતું હોય છે.

મિત્રો આ ફક્ત મલના વેગને રોકવાથીથતા રોગની ચર્ચા કરી આવું જ અન્ય વેગને રોકવાથી પણ (બાકીના બાર) થાય છે માટે વેગોને રોકવા નહી.

**હર્ષાવેશ કે શોકનિમિત પ્રવુત થતાં આંસુના વેગને પણ રોકવો નહિ.:-**

મિત્રો બહેનો કરતા ભાઈઓમાં હદયરોગ (હાર્ટ એટેક)નું પ્રમાણ વધુ હોય છે આવું મેડીકલ સાયન્સ કહે છે. આવુ થવાના કારણ વિષે જયારે અમે વિચાર્યુ ત્યારે બે મુખ્ય કારણ દેખાણા એક વ્યસન અને બીજું કે ભાઈઓ મોટા ભાગે તેમનો આનંદ કે ચિંતા બીજા સમક્ષ બહુ વ્યક્ત નથી કરતા એમાં પણ કોઈ વાતથી મુંજાતા હોય તે વ્યક્ત કરવામાં તેને એક પુરૂષ સહજ સંકોચ હોય છે (બહેનો ગમે એવી અઘરી વાતને પણ બહુ સાહજીકતાથી કરી દેતા હોય છે) અને પરીણામેએ ચીંતા (મુંજવણ) મનમાંને મનમાં તેને કોરી ખાય છે અને જેને લીધે તાણ અને ડીપ્રેશન આવે છે, હદયરોગ થવાનું પ્રમુખ કારણ જ તાણ છે. એક હોસ્પીટલના બાયપાસ સર્જરીના ઓપરેશન થીયેટર બહાર લગાવેલું બોર્ડ 'નહી ખોલના પડતા આજ ઓજારો કે સાથ... અગર પહેલે ખોલ દિયા હોતા દિલ દોસ્તો કે સાથ 'કોઈપણ વાત તમને મુંજવતી હોયત્યારે એવી વ્યક્તી તમારા જીવનમાં રાખો જેને તમે બધું જ કહી શકો. મિત્રો બનાવો અને એવા મિત્રો રાખો જયા મગજ વગરની વાતો કરતા હોય (જયા મગજ આવે ત્યા ગણત્રી શરૂ થાય), જે તમારી હસી પાછળના આંસુને ઓળખતા હોય, આજકાલ આપણે સોસીયલ મીડીયા ઉપર સાવ નકામી વાત હોય તોય શેર કરવા માંડયા છીએ, પણ મુંજવણ કોઈ મીત્ર સાથે શેર નથી કરતા, મીત્રો ખુશી હોય કે ગમ તેને શેર (વહેચો) કરો, શેર કરવાથી ખુશી (આનંદ) વધશે અને ગમ (મુંજવણ) ઓછા થશે.

**માસીકસ્ત્રાવને રોકવો કે વહેલો લાવવો :-**
આ એવો ગંભીર વિષય છે જેના ઉપર ફરી આપણે વિસ્તુત ચર્ચા કરીશુ, પણ માસીકસ્ત્રાવએ પણ બહેનોના શરીરનો વેગ છે જેને પરાણે વહેલો લાવવામાં આવે કે રોકવામાં આવે તો તેના ગંભીર પરીણામ બહેનોને જીંદગીભર ભોગવવા પડતા હોય છે. જેથી અહીં ટુંકમા તેની ચર્ચા કરીએ.

અમારી પાસે અવા – નવાર બહેનો માસીક વહેલા લાવવાની કે મોડુ કરવાની દવા લેવા આવતા હોય છે, મોટા ભાગે કોઈ ધાર્મીક પ્રસંગ કે વિધી આવતી હોય તેવા સમયમાં બહેનો આ મુજબની દવા લેવા આવતા હોય છે. અને આવી દવાને લીધે મોટા ભાગે બહેનોનું માસીક ચક્ર અનીયમીત થાય છે, જેના પરીણામ સ્વરૂપ ગર્ભાશયમાં ગાંઠ થવી, ગર્ભાશયની દીવાલ જાડી થવી, ડીપ્રેશન કે કયારેક કેન્સર જેવા ગંભીર પરીણામ જોવા મળે છે, આપણે ત્યા આટલા મોટા પ્રમાણમાં ગર્ભાશય કઢાવી (HISTACTOMY) નાંખવા ના જે ઓપરેશન થાય છે તેમાં પણ કયાંકને કયાક આવી અગાઉ માસીક સ્ત્રાવ વહેલા લાવવાની કે મોડુ કરવાની દવા કારણ ભુત હોય છે. મારી તમામ બહેનોને વિનંતી છે કે માસીકચક્ર અનીયમીત થાય એવી દવાઓ કયારેય ન લેવી.

**૫ મે, ''વિશ્વ હાસ્ય દિવસ''**

# હાસ્ય થેરાપી અપનાવવી, હાસ્યએ સસ્તામાં સસ્તી દવા

## હસીએ, હસાવીએ, હસી કાઢીએ, હાસ્યદાન, ઉતમ દાન

અમરેલી, તા. ૪

જાન્યુઆરી ઈ.સ ૧૯૯૮માં ડો. મદન કટારીયા દ્વારા મુંબઈમાં ''વિશ્વ હાસ્ય દિવસ'' ઉજવવાની શરુઆત કરવામાં આવી હતી. હાસ્ય એક યોગની જેમ વ્યકિતને ઉર્જાવાન બનાવવાની સાથે સમાજમાં શાંતિ, ભાઈચારો અને સદભાવના વધે તેવા ઉદેશ્ય સાથે સમગ્ર વિશ્વમાં ખુશહાલી ફેલાવવા માટે દર વર્ષે મે ના પહેલા રવિવારે આ દિવસ ઉજવવામાં આવે છે. આ વર્ષે ''વિશ્વ હાસ્ય દિવસ'' ૫ મે ના રોજ મનાવવામાં આવશે. ડો. મદન કટારીયા પોતાના એક અનુભવમાં જણાવે છે કે હાસ્ય અસરકારક દવા છે. આંધ્રપ્રદેશમાં વિશ્વમોહન નામના એક વ્યકિત હતા. તે હાસ્ય યોગથી જોડાયા પહેલાં તેમને લગભગ દરેક પ્રકારની બીમારી હતી અને તે હસનાર વ્યકિતઓથી ખૂબ જ ચીડાતા હતા. એક વખત ડો. મદન કટારીયાનાં લાફટર કલબના મેમ્બરે તેમને કલબમાં બોલાવ્યા તો તે શરુઆતમાં તો મન વિના આવતા હતા, પરંતુ કલબમાં આવ્યાં બાદ છેલ્લાં ૨૨ વર્ષમાં જે બદલાવ ન આવ્યો તે બદલાવ છ મહિનામાં જ દેખાવા લાગ્યો. તેમની હેલ્થ



વધુ સારી થતી ગઈ. તે રોજ ઘણી દવાઓ લેતા હતા. પરંતુ છેલ્લા છ મહિના બાદ તેમની દવાઓની સંખ્યામાં ઘટાડો થતો ગયો. હસવું એ એક ઉપચારનું સૌથી સુખદ સ્વરૂપ છે. તેમાં ફકત તમારા આત્માને જ નહીં પણ તમારા શરીરને પણ સાજા કરવાની શકિત છે. તે આખા શરીરને આરામ આપવાની સાથે શારીરિક તાણને દૂર કરે છે અને રોગપ્રતિકારક શકિતને વેગ આપે છે. તે પીડા, તાણ અને સંઘર્ષ માટેના મારણનું કામ કરે છે. તમે કદાચ આ વાકય સાંભળ્યું હશે, 'હાસ્ય એ શ્રેષ્ઠ દવા છે.' જયારે પણ તક મળે ત્યારે હસો, જયારે લોકો તમને રમૂજી દેખાવ આપે ત્યારે પણ હસવાનું બંધ ન કરો. હાસ્ય એ વૈશ્વિક ભાષા છે. તે આશાને પ્રેરણા આપે છે, તમને અન્યથી જોડે છે. એ ગુસ્સો મુકત કરવામાં અને વહેલા માફ કરવામાં મદદ કરે છે. ફકત એક સરળ સ્મિત અથવા સહેજ હરકતો એ આસપાસના વાતાવરણ અને મૂડને સંપૂર્ણપણે બદલી શકે છે. હાસ્યમાં રૂઝ આવવા અને નવીનીકરણ કરવાની શકિત છે. એક અંદાજ મુજબ દિવસમાં ૧૫ મિનીટ હસવાથી ૯૨% બીમારીઓથી રાહત મળે છે. હકીકતમાં હાસ્ય અને સ્વાસ્થય સાથે જોડાયેલ પ્રક્રિયા છે. જે વ્યકિત જીવનમાં હાસ્યનું મહત્વ સમજીને તેને યોગ, પ્રાણાયામની માફક જો હાસ્ય થેરાપીને જો પોતાના જીવનમાં ઉતરશે તો ઘણા ખરા રોગોથી બચી શકાય છે. હસીએ, હસાવીએ, હસી કાઢીએ....હાસ્યદાન, ઉતમ દાન.હસતે હસતે, કટ જાયે રસ્તે......ઝીંદગી યું હી ચલતી રહે.

# વડિયા ખાતે કોંગ્રેસનાં ઉમેદવાર જેની ઠુંમરનાં સમર્થનમાં વિશાળ સભા યોજાઈ



સમગ્ર દેશમાં હાલ લોકસભા ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે ગુજરાતમાં હવે મતદાન કરવાનાં ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે રાજકીય પક્ષનાં ઉમેદવારો અતિ સક્રિય જોવા મળી રહ્યા છે. કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુંમ્મર દ્વારા વડિયામાં ચૂંટણી પ્રચાર માટેની સભા પોતાના કાર્યાલય સામે યોજવામાં આવી હતી. આ સભામાં ઉમેદવારના આગમન સમયે તેમનું દીકરીઓએ ઢોલ સાથે સામૈયા કરી અને કુમ કુમ તિલક કરી અને વડીલ મહિલાઓએ ગળે મળી સ્વાગત કર્યું હતુ. ત્યાર બાદ તેમના વડિયા સ્થિત કાર્યાલય સામે ચૂંટણી સભા યોજાઈ હતી જેમા જેનીબેન ઠુંમ્મર કુંકાવાવ તાલુકાની દીકરી ને મત આપી નારી સશકિતકરણની વાતો કરતી સરકાર સામે અમરેલીની શિક્ષિત દીકરી ને મત આપી વિજયી બનાવવા અપીલ કરી હતી. આ સાથે સરકાર સામે શિક્ષણ, મોંઘવારી, બેરોજગારી અને અમરેલી ને પછાત રાખવા બાબતે અનેક પ્રહારો કર્યા હતા. સમગ્ર સભામાં મહિલાઓ સહીત મોટી સંખ્યામાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ના હોદેદારો, આગેવાનો, કાર્યકર્તાઓ અને લોકો હાજર રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું **કોટડાપીઠા હડીયાધાર વિસ્તારમાં**

૨૫/૪ રાત્રીના આશરે એકાદ વાગ્યાથી સવારના આશરે સાતેક વાગ્યાના અરસામાં કોઈ અજાણ્યા વ્યકિતએ અલગ–અલગ કંપનીની નાની મોટી એમ.સી.બી. નંગ–૫૦ અંદાજીત કિંમત રૂપિયા ૧૦ હજાર તથા એબીબી કંપનીના કોન્ટ્રાકટર નંગ–૫ અંદાજીત કિંમત રૂા. ૨૫,૦૦૦ તથા કોપર વાયર આશરે–૧૫૦ મીટર અંદાજીત કિંમત રૂા. ૧૦,૦૦૦ મળી કુલ કિંમત રૂા. ૪૫,૦૦૦ મત્તાની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ બાબરા પોલીસમાં નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું **બગસરાનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી**

એકલા હોય તે વખતે આરોપીએ યુવતીના ઘરે આવી તેણીના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીએ ભોગબનનાર યુવતીને પકડી રૂમમાં લઈ જઈ બળાત્કાર ગુજારેલ. અને ત્યારબાદ જાનથી મારી નાખવાની ધમકી આપી અમરેલી સેવા સદન ખાતે લગ્ન નોંધણી કરાવી બાદ ઘરે પરત મુકી ગયેલ હતો. ત્યાર બાદ ફરી વખત તેણીના ઘરે એકલી હોય તે વખતે મોટર સાયકલં લઈને આવી ભોગબનનારને છરી બતાવી પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી ગાડીમાં બેસાડી અપહરણ કરી સોમનાથ ખાતે આવેલ ગેસ્ટ હાઉસોમાં અવાર–નવાર બળાત્કાર ગુજારેલ તથા કોડીનારના વિરાટનગર સોસાયટીમાં મકાન ભાડે રાખેલ હતુ. ત્યાં પણ ભોગબનનાર સાથે અવાર–નવાર બળાત્કાર ગુજાર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૭૦ | ૧૨૩૬ |
| ૨ | શિંગ મોટી | ૧૦૫૦ | ૧૨૬૭ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૪૯૫ | ૧૬૫૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૬૯૪ |
| ૫ | તલ કાળા | ૨૭૮૦ | ૩૧૫૦ |
| ૬ | બાજરો | ૩૨૫ | ૪૧૧ |
| ૭ | જુવાર | ૪૦૧ | ૭૯૫ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૪૮ | ૬૩૮ |
| ૯ | ઘઉં લોકવન | ૪૫૦ | ૬૦૦ |
| ૧૦ | મગ | ૧૮૨૫ | ૧૮૭૫ |
| ૧૧ | ચણા | ૯૯૫ | ૧૨૨૧ |
| ૧૨ | તુવેર | ૧૧૩૦ | ૧૮૦૦ |
| ૧૩ | કપાસ | ૯૮૦ | ૧૫૦૪ |
| ૧૪ | એરંડા | ૯૮૨ | ૧૦૬૦ |
| ૧૫ | જીરૂ | ૩૦૦૦ | ૪૯૦૦ |
| ૧૬ | રાયડો | ૯૫૦ | ૯૭૨ |
| ૧૭ | ધાણા | ૧૦૧૫ | ૧૪૯૦ |
| ૧૮ | ધાણી | ૧૦૯૦ | ૧૬૫૫ |
| ૧૯ | અજમા | ૧૮૭૫ | ૨૩૩૦ |
| ૨૦ | મેથી | ૯૦૦ | ૧૦૫૧ |
| ૨૧ | સોયાબીન | ૮૪૪ | ૮૪૬ |
| ૨૨ | મરચા લાંબા | ૬૬૦ | ૨૬૦૦ |
| ૨૩ | કાંગ | ૪૦૦ | ૧૦૧૦ |
| ૨૪ | સુવાદાણા | ૧૩૫૫ | ૧૩૫૫ |

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીમાં મતદાન જાગૃતિ અર્થે**

દહિયા તેમજ જિલ્લા વિકાસ અધિકારી અને ખર્ચ તેમજ ટર્ન આઉટ ઈમ્પ્લિમેન્ટેશન પ્લાન નોડલ અધિકારી પરિમલ પંડ્યા, નિવાસી અધિક કલેકટર ગોહિલએ જિલ્લાના અન્ય અધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિમાં લીલી ઝંડી બતાવી આ કાર્યક્રમે પ્રસ્થાન કરાવ્યું હતું. અમરેલી શહેરના સરદાર સર્કલ, નાગનાથ મંદિર, રાજકમલ ચોક, ટાવર ચોક, હવેલી ચોક, લાઈબ્રેરી ચોક, નાગનાથ મંદિર સહિતના રાજમાર્ગોથી પર ફરી રન ફોર વોટ રેલી ફોરવર્ડ હાઈસ્કુલ ખાતે સંપન્ન થઈ હતી.

આરેલીના ઉદ્ઘાટન પ્રસંગે અમરેલી, વડીયા અને કુંકાવાવ પ્રાંત અધિકારી નાકિયા, અમરેલી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી કોટક, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચાવડા, જિલ્લા શિક્ષણાધિકારી અને સ્વીપ નોડલ અધિકારી ગોહિલ, જિલ્લા ચૂંટણી તંત્ર, વહીવટી તંત્ર અને વિવિધ સરકારી કચેરીઓના અધિકારીઓ–કર્મચારીઓ, શિક્ષકો અને અમરેલીના નગરજનોએ રન ફોર વોટ કાર્યક્રમમાં જોડાઈ નાગરિકોને અચૂક મતદાનનો સંદેશ પૂરો પાડયો હતો.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૫ | ૧૫૦૫ |
| ૨ | મગફળી | ૧૧૩૪ | ૧૧૫૬ |
| ૩ | ઘઉં | ૪૮૫ | ૫૩૫ |
| ૪ | ચણા | ૧૧૪૩ | ૧૨૨૭ |
| ૫ | જીરૂ | ૩૯૧૦ | ૪૯૫૦ |
| ૬ | તલ સફેદ | ૨૩૩૦ | ૨૫૦૦ |
| ૭ | એરંડા | ૯૯૪ | ૧૦૪૬ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મઠડી | ૯૧૧ | ૧૨૨૧ |
| ૨ | શીંગ મોટી | ૮૩૦ | ૧૨૪૧ |
| ૩ | શીંગ નવી | ૧૨૧૦ | ૧૪૩૦ |
| ૪ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૭૬૧ |
| ૫ | તલ કાળા | ૨૯૦૦ | – |
| ૬ | જીરૂ | ૩૦૦૦ | ૪૯૦૦ |
| ૭ | કપાસ | ૧૨૫૧ | ૧૪૯૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૪૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૫૫ |
| ૧૦ | બાજરો | ૪૩૦ | ૫૧૪ |
| ૧૧ | જુવાર | ૪૦૦ | ૬૭૦ |
| ૧૨ | મગ | ૧૬૦૦ | ૧૯૦૭ |
| ૧૩ | ચણા | ૧૦૫૦ | ૧૨૨૫ |
| ૧૪ | દેશી ચણા | ૧૨૭૧ | – |
| ૧૫ | એરંડી | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ૧૬ | મેથી | ૮૦૦ | ૯૭૩ |
| ૧૭ | રાય/રાયડો | ૮૫૦ | ૯૪૫ |
| ૧૮ | ધાણા | ૧૧૫૧ | ૧૩૫૧ |
| ૧૯ | મકાઈ | ૪૫૦ | ૫૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું **દેવળા–નાગધ્રા ચોકડી નજીક**

વ્હીલ નં. જીજે–૧૧એબી ૨૭૨૬ લઈ ભાણકી આનીયાબેન તથા તેમના પત્ની હંસાબેનને લઈ તેમના મોટા સમઢીયાળા ગામેથી વેવાઈની ખબર અંતર પુછી પરત પોતાના ઘરે આવતા હતા. તે દરમિયાન પોણા સાતેક વાગ્યે તેઓ દેવળા અને નાગધ્રા ચોકડી વચ્ચે આવેલ મધુવન ફેકટરી સામે રોડ ઉપરથી પસાર થતાં હતા ત્યારે ખીચા ગામ તરફથી એક સફેદ કલરની કાર નં. જી.જે.– ૦૧આરઝેડ ૬૬૨૪ કાર પુર ઝડપે આવી રતીભાઈની ફોરવ્હીલ કાર સાથે અથડાવી દીધેલ હતી. રતીભાઈને માથામાં તેમજ હાથમાં શરીરે ગંભીર ઈજા થતા તેઓ અને ભાણકી આનીયાબેનને આ અકસ્માતમાં ચહેરા ઉપરના નાકના ભાગે તથા હોઠના ભાગે વાગતા તેને પણ અમરેલી રીફર કરેલ છે. તે અંગે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.




## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૪૮૨ | ૫૧૭ |
| ૨ | ચણા | ૧૦૭૫ | ૧૧૮૧ |
| ૩ | સફેદ તલ | ૨૩૧૦ | ૨૫૫૧ |
| ૪ | તુવેર | ૧૭૮૯ | ૧૭૮૯ |
| ૫ | ધાણા | ૧૧૬૦ | ૧૪૧૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૨૮ |
| ૨ | ચણા | ૧૧૦૦ | ૧૧૬૬ |
| ૩ | ધાણા | ૧૧૦૦ | ૧૩૨૦ |
| ૪ | તલ સફેદ | ૧૨૬૦ | ૧૨૬૦ |
| ૫ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૩ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૩૧ | ૫૦૪ |
| ૭ | જુવાર | ૩૦૦ | ૩૦૦ |
| ૮ | ચણા છોલે | ૧૪૪૦ | ૧૪૪૦ |
| ૯ | જીરૂ | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૧૦ | રાયડો | ૯૦૦ | ૯૦૦ |
| ૧૧ | ડુંગળી | ૫૦ | ૧૮૬ |
| ૧૨ | મેથી | ૮૯૧ | ૯૬૩ |
| ૧૩ | લસણ | ૧૪૦૦ | ૧૭૧૦ |
| ૧૪ | વાલ | ૫૯૦ | ૫૯૦ |
| ૧૫ | શીંગફાડા | ૧૪૦૦ | ૧૪૩૫ |
| ૧૬ | મગફળી | ૧૧૦૦ | ૧૧૫૧ |

પાના ૮ ઉપરનું ચાલું **અબ કી બાર ભાજપા**

જોવા મળતો હોય છે. વર્ષ ૧૯૮૦માં યોજાયેલ ચૂંટણીમાં વિપક્ષોની ગઠબંધન સરકારની અણઆવડતથી કોંગ્રેસ તરફી માહોલ હતો. વર્ષ ૧૯૮૪માં યોજાયેલ ચૂંટણીમાં ઈન્દિરા ગાંધીની હત્યા થતાં પુનઃ કોંગ્રેસ તરફી માહોલ ઉભો થયો હતો. બાદ ૧૯૮૯માં યોજાયેલ ચૂંટણીમાં સત્તા પક્ષ કોંગ્રેસ બોફોર્સ કાંડમાં ફસાઈ જતાં વિપક્ષ તરફી માહોલ છવાયો હતો તો વર્ષ ૧૯૯૧ માં રાજીવ ગાંધીની હત્યા થતાં પુનઃ કોંગ્રેસની સરકાર બની હતી. વર્ષ ૧૯૯૬, ૧૯૯૮ અને ૧૯૯૯ની ચૂંટણીમાં સત્તા પક્ષ વિરોધી માહોલ જોવા મળ્યો. ૨૦૦૪માં યોજાયેલ ચૂંટણી જેવો થોડો માહોલ ૨૦૨૪ની ચૂંટણીમાં જોવા મળી રહેલ છે. વર્ષ ૨૦૦૯માં સત્તા પક્ષ તરફી તો વર્ષ ૨૦૧૪માં સત્તા વિરોધી અને વર્ષ ૨૦૧૯માં સત્તા પક્ષ તરફી માહોલ હતો.

પરંતુ વર્ષ ૨૦૨૪ની ચૂંટણીનો માહોલ થોડો વર્ષ ૨૦૦૪ની ચૂંટણી જેવો જોવા મળી રહ્યો છે. ૨૦૦૪માં સાઈનીંગ ઈન્ડિયા, ફિલગુડ ઈન્ડિયા જેવા નારા સાથે સત્તા પક્ષ મેદાનમાં ઉત્સાહભેર ઉતરેલ અને તમામ નારાઓ નિષ્ફળ રહ્યા અને કોંગ્રેસ પક્ષનાં નેતૃત્વ ધરાવતી યુપીએની સરકાર બની હતી.

વર્ષ ૨૦૨૪માં યોજાઈ રહેલ લોકસભાની ચૂંટણીમાં સત્તા પક્ષનાં વિરોધમાં બિહાર, મહારાષ્ટ્ર, કર્ણાટક, ઝારખંડમાં માહોલ જોવા મળી રહ્યો છે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં હોમ ગ્રાઉન્ડ ગુજરાતમાં પણ સત્તા પક્ષ સામે શકિતશાળી ગણાતા ક્ષત્રિયો અને હવે કોળી સમાજ પણ નારાજ બન્યો હોય ગુજરાતમાં પણ ૬ થી ૮ બેઠકો ઉપર સત્તા પક્ષ માટે મુશ્કેલી ઉભી થઈ છે.

દેશનાં સૌથી વધુ લોકપ્રિય નેતા નરેન્દ્ર મોદીની ફરતે જ ચૂંટણી જામી છે. દેશનાં ૯૭ કરોડ મતદારો કાં તો નરેન્દ્ર મોદીની તરફેણમાં અથવા તો વિરોધમાં મતદાન કરશે તેવો માહોલ જોવા મળી રહ્યો છે. જો દેશનાં બહુમતી મતદારો નરેન્દ્ર મોદીની તરફેણમાં મતદાન કરે તો વિપક્ષનાં નાના–મોટા તમામ નેતાઓનું અને જો નરેન્દ્ર મોદી વિરૂધ્ધ બહુમતી મતદારો મતદાન કરે તો સત્તા પક્ષનાં તમામ નેતાઓનું રાજકીય ભાવિ જોખમાશે તે સ્પષ્ટ છે.

## અવસાન નોંધ

**લીલીયા :** લીલીયા નિવાસી રાજગોર બ્રાહમણ સ્વ. ગુણવંતભાઈ પ્રભાશંકર પંડયા (ગાંડુભાઈ ટોકીઝ) વાળાના ધર્મ પત્નિ રમાબેન ગુણવંતભાઈ પંડયાનું તા. ૪/૫/૨૦૨૪ શનિવારના રોજ અવસાન થયેલ છે. તેઓ દિપકભાઈ પંડયા, રાજેશભાઈ પંડયા, અતુલભાઈ પંડયા અને ચંદ્રિકાબેન જગદીશભાઈ પુરોહીત જેતપુરના માતુશ્રી થાય છે. સદ્ગતનું બેસણું તા. ૬/૫/૨૦૨૪ સોમવારના રોજ બપોરના ૩ થી ૬ લેઉવા પટેલ સમાજ વાડી લીલીયા ખાતે રાખેલ છે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૧૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૬૫૧ |
| ૩ | કપાસ | ૧૨૦૦ | ૧૪૫૧ |
| ૪ | બાજરો | ૪૧૨ | ૫૨૪ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૪૨ | ૫૫૩ |
| ૬ | જુવાર | ૪૦૦ | ૮૩૧ |
| ૭ | મકાઈ | ૪૫૦ | ૪૫૦ |
| ૮ | મગ | ૧૭૬૦ | ૧૭૬૦ |
| ૯ | સુવા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૧૦ | તુવેર | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૧૧ | ચણા | ૧૧૦૦ | ૧૧૮૮ |
| ૧૨ | રાય | ૮૨૫ | ૮૨૫ |

# નાની કુંકાવાવ શાળા પરિસર ખાતે "વાર્ષિકોત્સવ" ની દબદબાભેર ઉજવણી



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

કુંકાવાવ તાલુકાની પી.એમ.શ્રી પ્રાથમિક શાળા નાની કુકાવાવનો વાર્ષિક ઉત્સવ 'અવસર'ની દબદબા ભેર ઉજવણી થઈ. ગુજરાત સ્થાપના દિન ૨૦૨૪ના રોજ ગરવી ગુજરાત થીમ ઉપર નાની કુંકાવાવ શાળા પરિસર ખાતે વાર્ષિક ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી. સરસ્વતી વંદનાથી કાર્યક્રમના મંગળ પ્રારંભ સાથે કાર્યક્રમની શરૂઆત થઈ. આ તકે ગામના સરપંચ શોભનાબેન ઢોલરીયા, અધ્યક્ષ નીલેશભાઈ રાણપરીયા અને પૂર્વ તા.પં. પ્રમુખ બાવાલાલ મોવલિયા અને લાયન્સ કલબ ઓફ અમરેલી રોયલના પ્રમુખ કૌશિક હપાણી, ટ્રેઝરર ૩૨૩૨ જે કાંતિભાઈ વઘાસિયા, પૂર્વ પ્રમુખ દિનેશભાઈ ભુવા (શીતલ આઈસ્ક્રીમ) ચેરપર્સન નિલેશભાઈ ઠુમર, બીઆરસી નીરવભાઈ સાવલિયા, સીઆરસી વસંતભાઈ કોરાટ, પૂર્વ બીઆરસી અને શિક્ષણવિદ ઉદયભાઈ દેસાઈ તથા હાઈસ્કૂલના આચાર્ય, જળભ સભ્યો. ટીમ ગ્રામપંચાયત ટીમ વિગેરે મહાનુંભાવોના વરદ્ હસ્તે મંગલ દીપ પ્રાગટય થયું. ત્યારબાદ સૌના શાબ્દિક સ્વાગત સાથે આચાર્યએ શાળા પ્રગતિ અહેવાલ રજુ કર્યો હતો. એ પછી ગુજરાત થીમ ઉપર નાના નાના બાળવાટિકાના ભૂલકાઓથી માંડી ધો.૮ સુધીના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર મજાની સાંસ્કૃતિક કૃતિઓ પ્રસ્તુત થઈ. સમગ્ર રંગારંગ કાર્યક્રમ જ એવો અદભુત હતો કે હકડેઠાઠ મેદનીમાં હાજર પ્રેક્ષકોએ વાહ વાહ પોકારી બાળ પ્રતિભાઓને બિરદાવ્યા હતા. રાત્રીના ૧૨ સુધી ચાલેલા આ કાર્યક્રમના પ્રભાવે લોકોને એવા તો ઝકડી રાખ્યા હતા કે એક પણ વ્યકિ મેદાન છોડી શક્યો નહોતો. આ તકે આવા સરસ કાર્યક્રમ અને ગુણવત્તાયુક્ત શિક્ષણકાર્ય સાથે કાર્યરત અને શાળાના વિકાસ માટે યોગદાન આપવા બદલ આચાર્ય જયદીપભાઈ પટેલ અને સમગ્ર શિક્ષક સ્ટાફનું લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા મોમેન્ટોથી લાગણીભીનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ધો. ૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સન્માનનો ભાવ પ્રસંગ પણ આવરી લેવાયો હતો. દાતા. હિંમતભાઈ ઢોલરીયા તરફથી વિદ્યાર્થીઓને ભેટ અપાઈ હતી. ધો ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા પણ શાળા અભ્યાસના પોતાના સુંદર સંસ્મરણો અને પ્રતિભાવો રજૂ કર્યા હતા. માં (મમ્મી) ઉપરની છેલ્લી સાંસ્કુતિક કૃતિમાં વિદ્યાર્થીઓની માતાઓને પણ એક અલગ ડ્રેસ કોડ સાથે સાંકળી લઈ ખૂબ અસરકારક રીતે પ્રસ્તુતિ કરી હતી. આ પ્રયોગે દર્શકોની આંખમાં આંસુ લાવી દીધા હતા. અને એક માતા પિતા તરફ આદર માટેનો સહજ મેસેજ પણ આપ્યો હતો. પ્રાસંગીક ઉદબોધનોમાં ભમ્ભિ વસંતભાઈ કોરાટે અને કેળવણીકાર ઉદયભાઈ દેસાઈએ શાળાની સમગ્ર શૈક્ષણિક સિદ્ધિઓને બિરદાવી જિલ્લાની શ્રેષ્ઠ એ ગ્રેડની આ સરકારી શાળામાં અભ્યાસ કરાવવા વાલીઓને અપીલ કરી હતી. સમગ્ર ઉત્સવ બહાર વસતા આ ગામના હજારો લોકોએ ઓનલાઈન પણ નિહાળ્યો હતો. અને ઓનલાઈન રોકડ રકમની ભેટ પણ મોકલી હતી. આ કાર્યક્રમના સહયોગી વસંતભાઈ છોડવડિયા, સુરેશભાઈ છોડવાડિયા, નીતિનભાઈ મોવલિયા પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પૂનમબેન ડોબરીયાએ કર્યું હતું. અને શાળાના સ્ટાફ શ્રીપાલભાઈ, પ્રવીણભાઈ, રાજુભાઈ, હેતલબેન, નિશાબેન, ધારાબેન, ઉમાબેન, એમડીએમ સંચાલક નીરૂપાબેન વિગેરેએ ખૂબ જહેમત ઉઠાવી હતી. સુંદર સ્ટેજ સજાવટ માટે નરેશભાઈ કથીરીયાએ તથા ગ્રામજનોએ પણ ખૂબ સહયોગ આપ્યો હતો.

# અમરેલી પંથકમાં અદ્વિતિય સેવાની સુવાસની ફેલાવતી સંસ્થા એટલે કે 'સારહિ તપોવન આશ્રમ'



સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત 'સારહિ તપોવન આશ્રમ' એખરેખર આપણા અમરેલીમાં થતાં સેવાકિય કાર્યમાં શિરોમણી સમાન છે. હજુ ૧૨ ફેબ્રુઆરીએ આરંભ થયેલ આશ્રમમાં ૬૪ જેટલા પૂત્રવિહિન વડિલોની સેવા થાય છે.આશ્રમ આપવો જુદો અને સેવા કરવી જુદી અહિ ખરેખર સેવાની ભાવનાથી વિના મૂલ્યે દરેક વડિલની સુખાકારીનું ધ્યાન રાખવામાં આવે છે. ત્યાં નિર્માણકાર્ય હજુ ચાલુ છે. એ સિવાય વિશાળ ડાઈનિંગ હોય, આધુનિક ટી.વી. હોલ, લાઈબ્રેરી જ નહિ પણ નાની એવી હોસ્પિટલ અને હેર કટ રૂમ પણ બનાવવામાં આવેલ છે. સાથે સાથે વિશાળ ગ્રાઉન્ડ જયાં વડિલો વોકિંગ કરી શકે ઉપરાંત વડિલોને શુદ્ધ દુધ મળી રહે અને ઓર્ગેનિક શાકભાજી મળી રહે તે માટે ત્યાં સંસ્થામાં જ ટુંક સમયમાં ગાયો પણ રાખવામાં આવશે. અને શાકભાજી પણ ઉગાડવામાં આવશે. અને આ બધુ ગોઠવ્યા પછી સંસ્થાનું સંચાલન સુચારૂ રૂપથી ચાલ્યા કરે એ માટે ૧૬ જેટલા સ્ટાફ મેમ્બર્સ પણ રાખવામાં આવ્યા છે. ને આ બધુ નિઃશુલ્ક, શું આ કાર્ય પ્રશંસાને પાત્ર નથી? જો કોઈને એમ લાગતું હોય 'એમાં શું છે'' એ કરી બતાવે તો આવી સુંદર સંસ્થાનાં નિર્માણમાં ભાગીદાર એવી સારહિ યુથ કબલ ઓફ અમરેલીને ખુબ ખુબ અંભિનંદન..

આવા ભગીરથ કાર્યનાં નિર્માણનું શ્રેય મુકેશભાઈ સંઘાણીને જાય છે. એમના સંકલ્પને કારણે આજે આ સેવાકિય સંસ્થાનો ઉદભવ થયો છે. સાંસારિક જીવનથી ઉપર ઉઠીને થોડુક જોવાની ટેવ પાડવી જોઈએ તો આવા કાર્યો કરવાની ઈચ્છા થાય. અને આજે થયેલી ઈચ્છા કાલે હકીકતમાં પરિણમે, તો આવા મહાન કાર્યને હકીકતનું સ્વરૂપ આપવા બદલ મુકેશ સંઘાણીને ખુબ ખુબ ધન્યવાદ આટલુ મોટું કાર્ય કોઈ એક વ્યકિતથી થતું નથી. આ એક ટીમ વર્ક હોય છે. તો એમની

**અભિયાન**
**કલ્પના રૂપારેલ**
મો. ૯૨૬૫૬ ૧૬૪૮૮
: અમરેલી :



સાથે કોઈ પણ કાર્ય કે સંસ્થાનો ઓકિસજન તેમના દાતાઓ હોય છે. તો આ તપોવનનાં દરેક નાના-મોટા દાતાઓને પણ યાદ કર્યા વગર બધુ જ અધુરૂ છે. આ દાતાઓને પણ લાખ લાખ ધન્યવાદ બાળકોનાં દ્રષ્ટિકોણથી જોઈએ તો વૃધ્ધાશ્રમ સમાજનું એક કલંક લાગે પણ વડિલોનાં ખુદનાં દ્રષ્ટિકોણથી વિચારીને જુઓ.વૃધ્ધાશ્રમ પ્રત્યેની બધી જ જવાબદારી પુરી કર્યા પછી આ સંસારથી થોડા દુર થવું એ શું દરેક વૃધ્ધની શારિરિક - માનસિક જરૂરીયાત નથી ? બાળકો, યુવાનો અને વૃધ્ધોનાં આહાર - વિહાર અલગ- અલગ નથી હોતા ? ઘરનું કોલાહલ ભર્યુ વાતાવરણ શું વૃધ્ધોને હંમેશા અનુકુળ આવે છે ? મિલન મેળાવડા શું વૃધ્ધોને હંમેશા અનુકુળ આવે છે ? બાળકો, યુવાનો અને વૃધ્ધોની લાઈફ સ્ટાઈલને કારણે ઉદભવતા પ્રશ્નો, એજ ગેપને કારણે ઉદભવતા માનસિક પ્રશ્નો અને અને આના જેવી અનેક સમસ્યાઓ હોય છે. શું આવી અસંખ્ય સમસ્યાઓનું સુખદ સમાધાન શોધવું જરૂરી નથી ?

આ તો થયું મનુષ્યનાં બાહય જીવનની સમસ્યાનું સોલ્યુશન, પણ માનસના આંતર - મનનું શું? જે આપણો ધર્મ કહે છે. માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ, એ જ આપણો ધર્મ પાછલી જીંદગીમાં સન્યાસી જેવું જીવન જીવવાનો આદેશ આપે છે. સાંસારિક જીવન પુર્ણ કર્યા પછી માનવ - જીવનનું ધ્યેય પ્રભુને પામવાનું હોય છે. અને તે માટે ઘરથી બહાર, સંસારથી દુર જવું એ દરેક મનુષ્યનું ધ્યેય હોવું જોઈએ ટુંકમાં દરેક મનુષ્યની ખુદ માંગ હોવી જોઈએ કે સંસારમાંથી ધીમે ધીમે મન હટાવી પ્રભુમાં મન લગાવવાની ને તો મૃત્યું સમયે જીવ આસાનીથી છુટે જેની પાસેથી આવ્યા છીએ તેની પાસે જ જવાનુંછે. એ જો દરેકને યાદ રહે તો વિચારો વૃધ્ધોનું જીવન કેટલું શાંત, સમાધાની, સંતોષી અને સાંત્વિક બની જાય, અને એ યોગ્ય પણ છે. ને તેથી જ પહેલાના સમયમાં આમ આદમી જ નહિ પણ રાજા મહારાજાઓ પણ વૃધ્ધાવસ્થામાં વનમાં જીવન વ્યતિત કરતા.

કંઈક આવા વિચારોથી પ્રેરાઈને મુકેશ સંઘાણીએ સ્થાપેલ આ આશ્રમ શું સમયની માંગ નથી ? શું પહેલાનાં સમયમાં ઋષિમુનિઓનાં આશ્રમો ન હતા ? ત્યાં જીવનના અંતિમ દિવસોમાં, પ્રભુ ભજન કરવા લોકો નહોતા રહેતા ? આથી મુકેશભાઈ સંઘાણી, એમની ટીમ, દાતાઓ અને એમનો પરિવાર આ બધા સંસ્થામાં રહેતા વડિલોનાં આશિર્વાદ મેળવવાનાં હકકદાર છે. અને અન્ય લોકો માટે પ્રેરણા સ્વરૂપ પણ છે કે માનવજીવન મળ્યું છે. તો શકય હોય એટલું સત્કાર્ય કરી લેવાય.

## લીલીયા મોટા ખાતે રન ફોર વોટ કાર્યક્રમ યોજાયો




લીલીયા મોટા, તા. ૪

લીલીયા મોટા ખાતે રન ફોર વોટ કાર્યક્રમ યોજવા માંઆવેલ લોકસભાની સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત મતદાન પ્રત્યે લોકોમાં જાગૃતતા આવે અને લોકો મતદાન તરફ આકર્ષિત થાય તે માટે ઝુંબેશ રૂપે ભારતના ચૂંટણી પંચ દ્વારા અભિયાન(ટીપ )ચલાવવામાં આવી રહેલ છે જે અંતર્ગત આજરોજ લીલીયા મોટા ખાતે લીલીયા તાલુકામાં આવેલ તમામ કચેરીના અધિકારીઓ કર્મચારીઓની એક વિશાળ રેલી લીલીયા મોટા શહેરના માર્ગો પર કાઢવામાં આવેલ આ રેલી મામલતદાર કચેરીથી શરૂ કરી શહેરની મુખ્ય બજારોમાં રન ફોર વોટ માટેના સૂત્રોચાર કરવામાં આવેલ અને આ રેલી તાલુકા પંચાયત ખાતે સમાપન થયેલ આ તકે મામલતદાર દેસાઈ, આશિષ ગોસાઈ, પંકજ બારૈયા, ટીડીઓ, તુષાર રાદડિયા, કિશોરભાઈ આચાર્ય, પીએસઆઈ એસ.આર. ગોહિલ, ટીએચઓ સિદ્ધપુરા, આરએફઓ ગલાણી, સીડીપીઓ મીનાક્ષીબેન, કેતનભાઈ કાનપરિયા, વિમલભાઈ મહેતા, સહિતના અધિકારીઓ કર્મચારીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### કોંગ્રેસનાં સમર્થનમાં માહોલ જામ્યો

## જસવંતગઢ(ચિતલ) ગામે ભાજપમાં ભંગાણ થયું

**તાલુકા કોંગી પ્રમુખ વિપુલ પોંકીયાનો પ્રયાસ સફળ**



અમરેલી, તા. ૪

અમરેલીના જસવંતગઢ (ચિત્તલ) મુકામે કોંગ્રેસની વિચારધારા થી પ્રેરિત થઈ મુકેશભાઈ પરમાર અને એમની સમગ્ર ટીમ નરેશભાઈ પરમાર, રાજુભાઈ પરમાર, નીતિનભાઈ પરમાર, મહેશભાઈ પરમાર, કિરણભાઈ સોલંકી, નીતેશભાઈ સોલંકી, હસમુખભાઈ પરમાર, ચિરાગભાઈ પરમાર, અરવિંદભાઈ સોલંકી, મનસુખભાઈ સોલંકી, વિશાલભાઈ સોલંકી, નિલેશભાઈ સોલંકી, ઉમેશભાઈ ખુમાણ, જવાભાઈ પરમાર સહિત અંદાજિત ૨૦ થી વધુ બીજેપી વિચારધારા ધરાવતા આગેવાનો કોંગ્રેસમાં સામેલ થયા છે જેઓને અમરેલી તાલુકા કોંગ્રેસ ઉપપ્રમુખ વિપુલભાઈ પોંકીયા , લાલજીભાઈ માંગરોળીયા, વિનુભાઈ દેસાઈ અને પી.કે. અસલાલિયા એ વિધિવત રીતે ખેસ પહેરાવી કોંગ્રેસ પાર્ટીમાં આવકાર્યા હતા.

### જેનીબેન ઠુંમરને વિજેતા બનાવવા હાંકલ

## સાવરકુંડલાનાં વીજપડી ખાતે કોંગ્રેસ પક્ષના સમર્થનમાં બેઠક યોજાઈ

**આમ આદમી પાર્ટીના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યાં**





વીજપડી, તા. ૪

સાવરકુંડલાનાં વીજપડી ગામે આગામી લોકસભા ચૂંટણી લય અમરેલી લોકસભા કોંગ્રેસ નાં ઉમેદવાર જેનીબહેન ઠુંમર નાં સમર્થન માં એક મીટીંગ યોજવામાં આવી આગામી છેલ્લા એક બે દિવસ માટે ની રણનીતિ ત્યાર કરવા માટે વિરલભાઈ દુધાત તથા નિર્મળભાઈ વાટલિયા(ભંમર)નાં માર્ગદર્શન મુજબ એક મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું હતું અને કોંગ્રેસ નાં શિક્ષિત ઉમેદવાર જેનીબહેન ઠુંમર નેં સમર્થન આપવા મતદાતાઓને મતદાન રૂપે આશિર્વાદ આપવા માટે અપીલ કરવા તેમજ ભાજપનાં શાસનમાં મોંઘવારી.ખેડૂતો નું શોષણ તેમજ સમાજ પ્રત્યે આક્ષેપો કરવા આવી અનેક બાબતોથી મતદાતાઓ ને વાકેફ કરવામા અને કોંગ્રેસ નાં આગામી વિકાસ લક્ષી યોજનાઓ સમજાવવી અને ભાજપ થીં ત્રસ્ત જનતા કોંગ્રેસ આપ ગઠબંધન નાં ઉમેદવાર જેનીબહેન ઠુંમર તરફી મતદાન થાય તેવો માહોલ બનાવવા આજે મીટીંગ નું આયોજન થયેલ તેમાં કોંગ્રેસ અને આપ નાં આગેવાનો ઉપસ્થિત રહ્યા આમ આદમી પાર્ટી નાં અમરેલી જિલ્લાના જોઈન્ટ સેક્રેટરી કિરીટસિંહ રાજપુત તેમજ કોંગ્રેસનાં રાઘવભાઈ કલસરીયા, કાંતીભાઈ કાકલોતર, રસુલખાન પઠાણ, અરવિંદભાઈ આંબલીયા, અરવિંદભાઈ વોરા, ઈનુસભાઈ પોહાર, અરવિંદભાઈ આંબલીયા, મેહુલભાઈ રાઠોડ, કરશનભાઈ ઢાંકેચા, પૂર્વ સરપંચ મનુભાઈ મોરી, ભોળાભાઈ કલસરીયા, દાદુભાઈ બેલીમ, નાગજીભાઈ ગોઠડીયા, દિલુભાઈ બેલીમ, અકબરભાઈ શેખ તેમજ દરેક સમાજનાં કોંગ્રેસ આપનાં કાર્યકરો આગેવાનો હાજર રહેલ હતાં.

**''અમરેલી એક્સપ્રેસ''**
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
**સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭**

અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )

**'ઈસ્કૂલી લાઈવ બુક' દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર**

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ 'ઈસ્કૂલી' ડીજીટલ અભ્યાસકમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેકટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો

શરૂ થતાં નવા સત્ર માટે... **પ્રવેશ શરૂ**

પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો



કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જયારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળ કોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેકટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

**CBSE પદ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે**




**મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ**

- કોમ્પ્યુટર લેબની સુવિધા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજયુકેશન
- લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
- મિનરલ વોટર
- ફાયર સેફ્ટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિધા
- એજયુકેશન ટોય્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વૉટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજિટલ બુક્સ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેક્ટિવ કલાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

અન્ય સ્કૂલોની વિચારધારા જયાં પુરી થાય, ત્યાંથી સનફલાવરનું શિક્ષણ શરૂ થાય છે...

**PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી**

SUNFLOWER™ Preschool

લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦
sunflowerpreschool.in

## આઝાદીનાં ૭૭ વર્ષ બાદ લોકસભાની ચૂંટણી નવા મોડ ઉપર

# અબ કી બાર ભાજપા ૪૦૦ પાર યા ૨૦૦ કે અંદર

**મહારાષ્ટ્ર, બિહાર, કર્ણાટક, ઝારખંડ, ઉત્તરપ્રદેશ સહિતનાં રાજયોમાં એનડીએ અને ઈન્ડિયા વચ્ચે જબરદસ્ત ટક્કર**

**ભાજપનાં સર્વોચ્ચ નેતા નરેન્દ્ર મોદીનાં હોમ ગ્રાઉન્ડ ગુજરાતમાં પણ ૬ થી ૮ બેઠક પર કાંટે કી ટક્કર**

**૪ જૂનનાં રોજ એનડીએનાં નહિ તો ઈન્ડિયા ગઠબંધનનાં રાજકીય પક્ષોનું ભવિષ્ય જોખમાશે**

**વર્ષોબાદ લોકસભાની ચૂંટણીમાં સત્તા પક્ષ કે વિપક્ષ હોય કોઈ તરફી માહોલ નથી**

અમરેલી, તા. ૪

સમગ્રવિશ્વમાંસૌથીમોટી જનસંખ્યાધરાવતાંલોકશાહીધરાવતાં ભારતદેશમાંઆઝાદીબાદનાં૭૪વર્ષમાં કયારેય ન યોજાઈ હોય તે રીતે લોકસભાની ચૂંટણીનો માહોલ જોવા મળીરહ્યોછેઅનેદેશનાંસૌથીલોકપ્રિય નેતા ગણાતાં નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં ચૂંટણી જંગમાં ઉતરેલ એનડીએ ગઠબંધનને કાં તો ૪૦૦ થી વધુ અને અન્યથા ૨૦૦ થી અંદર બેઠક મળે તો પણ નવાઈ જેવું નહી રહે. ભારત દેશમાં દર પાંચ વર્ષે યોજાતી લોકસભાની ચૂંટણીમાં કાં તો સત્તાપક્ષઅનેકાંતોવિપક્ષતરફીમાહોલ

અનુસંધાન પાના ૬ ઉપર

### રોકડવાડીમાં રહેતા અને રીક્ષા ચલાવતા

## અમરેલીનાં ધીરૂભાઈ ચાવડા નામનાં આધેડે ચક્કર આવી જવાથી અંતિમવાટ પકડી

**હાર્ટ એટેક આવવાથી મોત થયાનું જાહેર થયું**

અમરેલી, તા. ૪

અમરેલીનાકેરીયારોડઉપર આવેલ રોકડવાડી શેરી નં.૧૬માં રહેતા ધીરૂભાઈ મંગલજીભાઈ ચાવડા નામનાં ૫૭વર્ષિયરીક્ષાચલાવતાહોયઅનેતેઓ તા. ૩ ના રોજ સાંજે ૫:૪૫ વાગ્યે રીક્ષા ચલાવીઅમરેલીસરદારચોકમાંપેસેન્જર ઉતાર્યા બાદ તેને અચાનક ચક્કર આવી ગયેલ. જેથી તેમને અમરેલી સિવિલ હોસ્પિટલમાંલઈજતાંફરજપરનાડોકટરે તપાસીહાર્ટએટેકઆવવાનાકારણેમરણ ગયેલાનુંજાહેરકરેલછે.

### તસ્કરો ઈલેકટ્રોનીકસ પાર્ટની પણ કરે ચોરી

## કોટડાપીઠાનાં હડીયાધાર વિસ્તારમાં આવેલ પવનચક્કીમાંથી ૪૫ હજારનાં સરસામાનની ચોરી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૪

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે આવેલ હડીયાધાર વિસ્તારમાંઆવેલપવનચક્કીલોકેશન નં.૧૪આવેલપેનલબોક્ષમાંથીગતતા.

અનુસંધાન પાના ૬ ઉપર

### પાણીને શુધ્ધ કરવા માટે આધુનિક વ્યવસ્થાનાં અભાવે

## બગસરામાં શહેરીજનોને પીવા માટે દૂષિત પાણી વિતરણ થતાં જનઆરોગ્ય પર ખતરો

**જનતા કરવેરા ભરીને સરકારી તિજોરી છલકાવે છતાં સુવિધા નથી**

બગસરા, તા. ૪

બગસરામાં પાલિકા દ્વારા દૂષિત પાણીના વિતરણ થતાં લોકો પરેશાન થઈ ગયા છે. જયારે હાલમાં બગસરામાં નટવર નગર વિસ્તારમાં ચિકનગુનિયા જેવા રોગોએ ઘરે ઘરે ભરડોલીધોછેત્યારે પાલિકાદ્વારાદૂષિત પાણીવિતરણકરવામાંઆવીરહેલછે. હાલમાંપાલિકાદ્વારાજેતપુરરોડપરના આવેલવિસ્તારમાંદૂષિતપાણીથીલોકો પરેશાન થઈ ગયા છે. જયારે હાલમાં બગસરામાંતાવ, શરદીનાઅઢળકકેસો આવી રહ્યા છે. ત્યારે એક જાગૃત દ્વારા પાણી વિતરકને ફરિયાદ કરતા તેમના દ્વારા કહેવામાં આવ્યું કે હાલમાં દૂષિત પાણી જ આવશે તેવા ઉડાવ અને અપમાનજનક જવાબ આપતા આ વિસ્તારનાલોકોરોષે ભરાયાછે. જયારે આબાબતેપાલિકાપ્રમુખનેપૂછતાતેમણે જણાવ્યુંકેઆબાબતનીફરિયાદઅમોને મળતાઅમોએતેનાઉપરકાર્યવાહીકરી કલોરિનની માત્રા વધારી દેવામાં આવી છે પરતું હાલમાં ડેમનું પાણી વિતરણ કરવામાંઆવેછેતેમાટેથોડુંદૂષિતઆવે છે. જયારેઆબાબતેલોકોમાંરોષજોવા મળી રહ્યો છે કે આવું દૂષિત પાણી પીવું કેવીરીતેઅનેલોકોનેમદદકરવાનેબદલે રોગચાળાને પાલિકા દ્વારા આમંત્રણ આપવામાંઆવ્યુંછે. જયારેબગસરામાં રોગચાળાનાવધતાજતાકેસોનાલીધેજન જીવન પર માઠી અસરો જોવા મળી રહી છે. ત્યારે શું પાલિકાદ્વારા લોકોનાંજીવન સાથે ચેડા કરી રહી છે કે પછી અઘોર તંત્ર દ્વારા આવા દૂષિત પાણી પીવડાવીને લોકોને બીમારી તરફ ધકેલાઈરહ્યું છે આવા અનેક પ્રકારના સવાલો લોકો દ્વારાઉઠીરહેલછે.



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

### કાળઝાળ ગરમીમાં આગની ઘટનામાં વધારો : અઠવાડીયામાં વધુ એક કંપનીમાં આગ

## બાબરાનાં ભાવનગર માર્ગ ઉપર જીઆઈડીસીમાં આવેલ લોખંડનાં બેલ્ટ બનાવતી ફેકટરીમાં આગ

**અમરેલીની ફાયર ટીમે કલાકોની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૪

બાબરામાંઆગનાંબનાવો સતત બનતા રહે છે. હજુ થોડા દિવસો પહેલા અહી નિલવડા રોડ પર આવેલ જીઆઈડીસીમાં પ્લાસ્ટિકનાં દાના બનાવતી કંપનીમાં આગ લાગતા લાખો રૂપિયાનું નુકસાનથયુંહતું.

ત્યારે અહી ભાવનગર રોડ પર આવેલ અન્ય એક જીઆઈડીસીમાં લોખંડના બેલ્ટ બનાવતી કંપનીમાં ગત મોડીરાત્રેઆગલાગતાનાસભાગમચી ગઈ હતી. મોડી રાત્રે ત્રણ વાગ્યેની આસપાસ આગ લાગતા તાત્કાલિક અસરથી અમરેલી ફાયરટીમને જાણ કરવામાં આવતા અમરેલી ફાયર ઓફિસર ગઢવી સહિતની ટીમ તાબડતોબઘટનાસ્થળેપહોંચીઆગને કાબુમાં લેવાના પ્રયત્ન હાથ ધરવામાં આવ્યા હતા. અહીં લોખંડના ભંગારમાં લાગેલ આગે એટલું વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આગના ગોટે ગોટા નીકળતાહતાઅનેમહામહેનતેઆગનેકાબુમાં લેવામાંઆવીહતી. જો કે અંદાજ મુજબ લાખો રૂપિયાનું નુકસાન થયુંહતું.

### દલખાણીયાથી મોટા સમઢીયાળા ખબર પુછીને પરત ફરતા હોય

## ધારી : દેવળા-નાગધ્રા ચોકડી નજીક અજાણ્યા કાર ચાલકે અન્ય કારને હડફેટે લીધી

**કારમાં સવાર મામા-ભાણેજ ઈજાગ્રસ્ત બન્યા**

અમરેલી, તા. ૪

ધારીતાલુકાનાદલખાણીયા ગામે રહેતા લાલજીભાઈ દેવાભાઈ રાઠોડના મોટા ભાઈ રતીભાઈ દેવાભાઈ રાઠોડ તા. ઉના રોજ તેની ફાર

અનુસંધાન પાના ૬ ઉપર

### નવા મકાનનાં બાંધકામનાં બ્હાને પરિચય કેળવીને

## બગસરાનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક યુવતી સાથે જુના વાઘણીયાનાં શખ્સે અત્યાચાર કર્યો

**અમરેલીનાં સેવા સદન ખાતે લગ્નની નોંધણી પણ કરાવી લીધી**

અમરેલી, તા. ૪

બગસરા તાલુકાના જુના વાઘણીયા ગામે રહેતા દિપકભાઈ મનુભાઈ ચૌધરી નામનાં શખ્સે બગસરા તાલુકાના ગ્રામ્યવિસ્તારમાંરહેતીભોગ બનનાર ૨૧ વર્ષિય યુવતિ સાથે નવા મકાનના બાંધકામ કરવાનાં બ્હાને પરીચય કેળવી ભોગબનનારઘરે

અનુસંધાન પાના ૬ ઉપર












*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)